

ધન્ય ધન્ય આ ધરતી ને, ધન્ય સોનગઢ ગામ;
જ્યાં ગુરુ કહાન બિરાજિયા, નહિ કોઈ એવું ધામ.


| જૂન | ❋ આત્મધર્મ ❋ | અંક : ૧૨ |
| --- | --- | --- |
| ૧૯૮૨ | [ ૪૬૪ ] | વર્ષ : ૩૮ |

# ✻ ગુરુભક્ત મુમુક્ષુઓની ફરજ ✻

પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ સુવર્ણપુરીમાં તેઓશ્રીનું આવાસ-સ્થાન ને પ્રવચન-સ્થળ શ્રી સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સકલ જીવનકાળને આલેખતું-પ્રદર્શિત કરતું એક કાયમી ફોટો પ્રદર્શન-સંગ્રહાલય નિર્માણ કરવાનું આપણી સંસ્થાએ નક્કી કરેલ છે, અને તે માટે જરૂરી કામગીરી શરૂ થઈ ગયેલ પણ છે. આ ફોટો પ્રદર્શનમાં પૂજ્ય ગુરુદેવશ્રીના અનેકવિધ પ્રસંગોના વિવિધ ફોટાઓ સુવ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવશે તેમ જ આગંતૂકો માટે આકર્ષક બની રહે તેવું દર્શનીય બનાવવામાં આવશે. આ માટે પૂજ્ય ગુરુદેવશ્રીના ભક્તોની—સર્વે મુમુક્ષુઓની—આપણા સૌની ફરજ છે કે આ કાર્ય માટે આપણે સહકાર આપવો જોઈએ. આ યોજના સાંગોપાંગ સફળ અને પ્રશંસનીય નીવડે તે માટે સૌને જાણ કરવામાં આવે છે કે જે કોઈ મુમુક્ષુઓ પાસે પૂજ્ય ગુરુદેવશ્રીનાં જીવનકાળ દરમિયાનના જે કોઈ વિવિધ પ્રકારના ફોટાઓ હોય—જેવા કે ભવ્ય મુખમુદ્રાનો, અદ્‌ભુત પ્રવચનમસ્તીનો, મુક્તહાસ્યનો, શાંત-ગંભીર મુદ્રાનો, સામાજિક-ધાર્મિક પ્રતિષ્ઠિત વ્યક્તિ સાથેનો, પરિવર્તન પહેલાના ફોટાઓ, પંચ-કલ્યાણક પ્રતિષ્ઠા પ્રસંગ વખતના પૂજ્ય ગુરુદેવશ્રીના કોઈ ફોટાઓ ઇત્યાદિ ફોટાઓ કે જેમાં પૂજ્ય ગુરુદેવશ્રીની મુખમુદ્રા સ્પષ્ટ દેખાતી હોય તેવા ફોટાઓ આપણી પાસે હોય તો તે ફોટો અથવા તો તેની એક નાની પ્રીન્ટ સોનગઢ સંસ્થા ઉપર તુરંત મોકલી આપવી અથવા તો ૯૯ મી જન્મજયંતી મહોત્સવ વખતે સાથે લેતા આવવી. તે ઉપરાંત આપણા ધ્યાનમાં જે કોઈ ફોટોગ્રાફર હોય કે જેમની પાસેથી પૂજ્ય ગુરુદેવશ્રીના અનેક ફોટાઓ મળી શકે તો તેવા ફોટો-ગ્રાફરનું નામ-એડ્રેસ પણ જણાવવું. ફોટોગ્રાફરે પાડેલાં જ ફોટાઓ લેવામાં આવશે એવું નથી. વિહાર વખતે પોતાને ત્યાં પૂજ્ય ગુરુદેવશ્રીના આવાસ દરમિયાન કે અન્ય પ્રસંગે વ્યક્તિગત રીતે લીધેલાં ફોટાઓ પણ બહુ ઉપયોગી થઈ શકે છે. માટે આપણી પાસે જે કોઈ સ્પષ્ટ-સારા વિવિધલક્ષી ફોટાઓ હોય તે ફોટાઓ જરૂર સોનગઢ મોકલી આપશો—રૂબરૂ લેતા આવશો. આપણા સૌની—પૂજ્ય ગુરુદેવશ્રીનો જેમના ઉપર અસીમ ઉપકાર છે તે સર્વે મુમુક્ષુઓની આ યોજના માટે મદદગાર બનવાની ફરજ સમજીને આ ઉત્તમકાર્યમાં આપણે સૌ સહભાગી બનીયે.

ફોટો મોકલવા માટેનું સરનામું : ફોટો-પ્રદર્શન સંગ્રહાલય,
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ સૌરાષ્ટ્ર પીન-૩૬૪૨૫૦

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના મંગલ વચનોદ્‌ગાર

પ્રસંગવશ દર્શનાર્થી મુમુક્ષુભાઈની વિનંતીથી ધન્યાવતાર ભગવતીમાતા
પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના શ્રીમુખથી પ્રવહેલું અધ્યાત્મ-અમૃત

જ્ઞાયક આત્માને ઓળખવો. તે જ કરવાનું છે. આત્મા આ શરીરથી ભિન્ન—શરીરનાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી જુદો છે. અંદર વિભાવ થાય તે પણ આત્માનો સ્વભાવ નથી. તેનાથી આત્મા જુદો, જુદો, સદાકાળ જુદો છે. અનંત કાળ જન્મ-મરણ કર્યાં તોય ચેતન તો એવો ને એવો છે. એના જ્ઞાયકસ્વરૂપમાં—તેના અનંતા ગુણોમાં કાંઈ ફેરફાર થયો નથી. ગમે તેટલાં જન્મ-મરણ થયાં, ગમે તેટલા વિભાવો થયા, તોય એના ગુણો એવા ને એવા! એનું દ્રવ્ય એવું ને એવું!

દ્રવ્ય પર દૃષ્ટિ કરવી તે જ કરવાનું છે. તેના ઉપર દૃષ્ટિ કરવાથી, વારંવાર તે તરફનો અભ્યાસ કરવાથી અને ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવાથી, વિકલ્પથી ખસીને જે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ થાય છે તે મુક્તિનો મારગ છે એમ ગુરુદેવે બતાવ્યું છે.

આત્મામાં જ્ઞાન, આનંદ આદિ અનંતા ગુણો ભરેલા છે. તે જગતથી જુદું, અનુપમ ને આશ્ચર્યકારી તત્ત્વ છે. એને ઓળખીને સ્વાનુભૂતિ કરવી તે જ મુક્તિનો મારગ છે. ક્ષણિક પર્યાયો છે તેમાં પણ અટકવા જેવું નથી. અનાદિ-અનંત શાશ્વત ચૈતન્યદ્રવ્ય કે જે પારિણામિકભાવસ્વરૂપ છે તેને ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ દઈને અને બીજા બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને, અંતરદૃષ્ટિ પ્રગટ કરવી આત્માની. ચૈતન્ય...ચૈતન્ય...ચૈતન્ય તરફ જવું, પરિણતિને તેના તરફ લેવી, મતિ અને શ્રુતનો ઉપયોગ જે બહાર જાય છે તેને અંતરમાં લાવવો; તે જ કરવાનું છે. આત્મા તરફ પરિણતિને દોડાવવી; વારંવાર એ જ કરવાનું છે. એમ કરતાં, વચ્ચે શુભ ભાવ આવે ખરા, પણ એ તો પુણ્યબંધનું કારણ છે, આત્મા તો એ બધાથી જુદો છે, સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે શુભ ભાવ થાય તેનાથી પણ આત્મા જુદો છે—એમ બધાથી નિરાળા એવા ચૈતન્યતત્ત્વની શ્રદ્ધા કરવી. પહેલાં શ્રદ્ધા થાય અને પછી જેવી શ્રદ્ધા-પ્રતીતિ થાય એવો જ તેનો પુરુષાર્થ થાય. રુચિ અનુયાયી વીર્ય. જેની જેવી રુચિ અને શ્રદ્ધા હોય તેવો જ તેનો પુરુષાર્થ કામ કરે.

આત્માને બધાથી ન્યારો જાણવો એ જ કરવાનું છે. તે જ્ઞાતાસ્વભાવ જ્ઞાયકને ઓળખવો એ જ ગુરુદેવે કહ્યું છે. તે બધાએ કરવું. ક્યાંય અટકવા જેવું નથી. એક શાશ્વત દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. એ જ કરવા જેવું છે.

સ્ફટિકની જેમ આત્મા સ્વભાવે નિર્મળ છે. જેમ લાલ-પીળાં ફૂલને લઈને સ્ફટિક લાલ-પીળો દેખાય છે પણ સ્વભાવે એવો નથી, તેમ મૂળ દ્રવ્યસ્વભાવે આત્મા શુદ્ધ છે પણ પર્યાયમાં જે વિભાવ છે તેના ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને અંતરદૃષ્ટિ કરવી.

ભગવાને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. ભગવાનનાં જે આ દ્રવ્ય-ગુણ-પર્યાય, એવાં જ પોતાનાં છે; જેવું સિદ્ધ ભગવાનનું સ્વરૂપ છે એવું પોતાનું સ્વરૂપ છે; તેવી દૃષ્ટિ કર.

ચૈતન્ય, જગતથી જુદું આશ્ચર્યકારી તત્ત્વ છે; જગત સાથે તેને કાંઈ મેળ નથી. ચેતનદેવનો સ્વભાવ ચૈતન્ય. ચેતન દેવ છે માટે તેને જો. દ્રવ્યદૃષ્ટિ—સ્વભાવમાં એકત્વ ને પરથી વિભક્ત એવી ભેદજ્ઞાનની ધારા—પ્રગટ કરવી. સ્વભાવમાં એકત્વ કરવું, પરિણતિ તે તરફ વાળવી. દૃષ્ટિ, જ્ઞાન ને ચારિત્રસ્વરૂપે રમણ કરતાં સ્વભાવનો કર્તા પોતે;—સ્વભાવનો કર્તા, વિભાવનો અકર્તા; પર પદાર્થને તો કરી શકતો જ નથી;

વિભાવને હું કરું છું–એવી કર્તાબુદ્ધિ અનાદિની છે. કર્તાબુદ્ધિ તોડીને જ્ઞાતાબુદ્ધિ કર્યા પછી પણ અસ્થિરતા રહે છે. પરંતુ સ્વભાવની ધારા જેમ ઉગ્ર થતી જાય છે તેમ વિભાવ પણ અલ્પ અલ્પ થતો જાય છે. સ્વભાવની ધારા પ્રગટ કર, વીતરાગ દશા પ્રાપ્ત કર, તો સ્વભાવની ધારામાં વિભાવ બધો ક્ષય થઈને કેવળજ્ઞાન થશે. મુનિ તો વારંવાર ચેતન....ચેતન....ચેતનદેવનાં દર્શન કરે છે ને વારંવાર સ્વાનુભૂતિનો સ્વાદ લે છે.

ગુરુદેવે માર્ગ બતાવ્યો છે. ચેતનમાં આનંદ ને ચેતનમાં જ્ઞાન.... –કોઈ જાણતું 'તું જ ક્યાં? બહારમાં ક્યાંય નથી, અંતરમાં બધું છે; —તે બધું ગુરુદેવે બતાવ્યું. કોણ જાણતું 'તું? બધા ક્રિયામાં પડેલા હતા. અંતરદૃષ્ટિ—જ્ઞાન ને આનંદથી ભરેલું જુદું ચૈતન્યતત્ત્વ અંદર નિર્વિકલ્પ દશામાં પ્રાપ્ત થાય તે આખી દૃષ્ટિ જ—ગુરુદેવે આપી. તેમનો જ બધો ઉપકાર છે.

—o—

વાર્ષિક
લવાજમ
રૂપિયા નવ
વર્ષ ૩૮
અંક ૧૨
[ ૪૬૪ ]




વીર
સંવત
૨૫૦૮
A.D. 1982
JUNE

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# શુદ્ધાત્માનો અનુભવ તે એક જ મોક્ષનું કારણ જાણ

શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૨૦–૮–૬૬

પહેલા ૩૧ મી ગાથામાં આવ્યું હતું કે વ્યવહારચારિત્ર નિરર્થક છે અર્થાત્ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વિના એકલા વ્યવહાર તપ કાંઈ કાર્યકારી નથી. ૩૦ મી ગાથામાં નિશ્ચય ને વ્યવહાર સાથે કહ્યા હતા. એટલે કે જ્યાં નિર્મળ આત્માના શ્રદ્ધા–જ્ઞાન ને શાંતિ હોય ત્યાં નિમિત્તરૂપે વ્રતાદિ હોય છે. છતાં તે વ્રતાદિ મોક્ષમાર્ગ નથી. તથા ૨૮ મી ગાથામાં, આ ત્રિલોક પૂજ્ય જિનસ્વરૂપી આત્મા ત્રણ લોકમાં આદરણીય છે ને મોક્ષનું કારણ છે એમ આવ્યું હતું.–આમ કહીને હવે તેનું ફળ બતાવે છેઃ—

પુણ્યે પામે સ્વર્ગ જીવ, પાપે નરક નિવાસ;
બે તજી જાણે આત્મને, તે પામે શિવવાસ. ૩૨.

જીવ પુણ્યથી એટલે કે દયા, દાન, શીલ, સંયમ ને વ્રતાદિથી—એ બધા વ્યવહાર ભાવથી સ્વર્ગ પામે છે, અને તેથી એને સંસારના કારણ કહ્યા છે. 'પાપે નરક નિવાસ' –પાપથી નરકમાં નિવાસ થાય છે.–આમ પુણ્ય ને પાપ–બેય દુઃખરૂપ એવા સંસારના કારણ છે. 'બે તજી જાણે આતમને'–શુભાશુભ ભાવને તજીને એટલે કે તેની રુચિને છોડીને–તેનો આશ્રય છોડીને જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની સન્મુખ થઈને તેનો આશ્રય લે તો શિવવાસ પામે. અર્થાત્ પુણ્ય–પાપને છોડીને આત્માનો અનુભવ કરે તો મુક્તિ થાય.

અહા! નિશ્ચય હોય ત્યાં વ્યવહાર સાથે હોય છે. પણ એકલો વ્યવહાર નિરર્થક–

અકૃતાર્થ છે તેમ કહે છે. જુઓ! એકલા વ્યવહાર રત્નત્રયને નિરર્થક કહ્યા છે. કેમકે જ્યાં ઉપાદાન—આત્માના શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ હોય ત્યાં તેવા ભાવને નિમિત્ત કહેવાય છે. પણ જ્યાં ઉપાદાન ન હોય ત્યાં નિમિત્ત કેમ કહેવાય? તો અહીં કહ્યું કે દયા, દાન, પૂજા, ભક્તિ ને વ્રતાદિના પરિણામથી જીવ સ્વર્ગમાં જાય છે ને હિંસા, જૂઠું, ચોરી આદિ પાપના પરિણામથી નરકમાં જાય છે. પરંતુ તે બેયને છોડે તો શિવમહેલમાં જાય. શિવમહેલ એટલે આત્માની મુક્તદશા-પરમાનંદરૂપી દશા અને તે પુણ્ય-પાપ છોડીને આત્માનો અનુભવ કરે તો થાય. પણ પુણ્યની ક્રિયાથી કાંઈ મુક્તિ થતી નથી.

અહા! નિશ્ચય હોય ત્યાં સાથે વ્યવહાર હોય છે, અને તેથી સાથે બતાવે છે. પણ પહેલો વ્યવહાર હોય ને પછી નિશ્ચય થાય એમ નથી કહેતા, તથા નિશ્ચય સાથે રહેલો વ્યવહાર છે તો બંધનું કારણ, પણ તેને નિમિત્ત તરીકે ગણીને, તે બેથી મુક્તિ થાય છે તેમ કહેવાય છે.

હવે પુણ્યકર્મની વ્યાખ્યા કરે છે કે શાતાવેદનીય, શુભ આયુષ્ય, શુભનામ, શુભગોત્ર, એ પુણ્યકર્મમાં આવે છે. આહારદાન, ઔષધદાન, અભયદાન ને વિદ્યાદાન-એ ચાર પ્રકારનું દાન આપે તો શાતાવેદની આદિ બાંધે છે. શ્રાવક ને મુનિનું વ્યવહારચારિત્ર પણ પુણ્યબંધનું કારણ છે. ક્ષમાભાવ, સંતોષપૂર્વક આરંભ, અલ્પ મમત્વ, કોમળતા, કષ્ટ સહન કરવું, મન-વચન-કાયાનું કપટ રહિત વર્તન, પરગુણ પ્રશંસા, આત્મદોષ નિંદા ને નિરાભિમાનતા આદિ શુભભાવ સ્વર્ગનું કારણ છે.

હવે પાપકર્મની વ્યાખ્યા કરે છે કે અશાતાવેદની, અશુભ આયુષ્ય, અશુભનામ ને અશુભગોત્ર તે પાપકર્મ છે ને તે અશુભભાવથી બંધાય છે, જ્ઞાનના સાધનમાં વિઘ્ન કરવાથી, પરને દુઃખ દેવાથી, તીવ્ર કષાય કરવાથી, અન્યાયપૂર્વક આરંભ કરવાથી, કપટ સહિત વર્તન કરવાથી, મન-વચન-કાયાને વક્ર રાખવાથી, ઝઘડા કરવાથી, પર નિંદા કરવાથી, આત્મપ્રશંસા કરવાથી, અભિમાન કરવાથી ને હિંસા-અસત્ય વચન આદિ પાંચ પાપોમાં પ્રવર્તનથી અશાતાવેદની આદિ બંધાય છે.

જુઓ, વ્રત, સંયમ વગેરે પાળવાથી શુભરાગ થાય છે. તેનાથી બંધાય છે પણ અબંધપણું થતું નથી-તેમ કહે છે ને મોક્ષનું કારણ તો એક શુદ્ધોપયોગ જ છે. પરંતુ બીજું કોઈ કારણ નથી એમ પણ કહ્યું.

હવે ગાથા—૩૩

વ્રત-તપ-સંયમ-શીલ જે, તે સઘળાં વ્યવહાર;
શિવકારણ જીવ એક છે, ત્રિલોકનો જે સાર. ૩૩.

આત્મા મોક્ષનું કારણ છે. અર્થાત્ આત્માને આશ્રયે જે વીતરાગતા પ્રગટ થાય તે એક જ મોક્ષનું કારણ છે. જ્યારે વ્યવહારચારિત્ર બંધનું કારણ છે.

પ્રશ્ન :—તો પછી કુંદકુંદાચાર્યે પંચ મહાવ્રત શું કરવા પાળ્યા હતા?

સમાધાન:—અરે! ક્યાં પાળ્યા હતા? જે નિમિત્તરૂપે હતા તેને જ્ઞાનના જ્ઞેય તરીકે જાણીને હેય ગણ્યા હતા.

પ્રશ્ન :—આપ તો એકાંત કરો છો? વ્યવહારથી કાંઈ લાભ ન થાય તેમ માનો છો!

સમાધાન :—પણ ભાઈ! અહીં આચાર્ય શું કહે છે? કે વ્યવહાર છે, હોય છે, પણ મોક્ષનું કારણ તો નિશ્ચય–આત્માનો આશ્રય કરવો તે જ છે.

અહા! ત્રણલોકમાં સાર વસ્તુ જો કોઈ હોય તો મોક્ષના કારણરૂપ એક નિશ્ચયચારિત્ર છે. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન મોક્ષના કારણરૂપ તો છે જ. પણ અહીંયા ઉત્કૃષ્ટ વાત લેવી છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત સ્વરૂપનો આશ્રય કરીને સ્થિરતા–વીતરાગતા–નિર્વિકલ્પતા–શાંતિની ઉગ્રતા પ્રગટ કરવી તે નિશ્ચયચારિત્ર છે કે જે ત્રણલોકમાં સાર છે.

અહીં કહે છે કે મોક્ષનું કારણ એક છે પણ બે નહિ. પં. ટોડરમલજીએ પણ મોક્ષમાર્ગ પ્રકાશકના સાતમા અધિકારમાં કહ્યું છે કે મોક્ષનું કારણ બે નથી. પણ કથન બે પ્રકારે છે ને જો બે મોક્ષમાર્ગ માને છે તો ભ્રમ છે. આત્માની પૂર્ણ પવિત્ર વીતરાગદશા–કેવળજ્ઞાન, આત્માના આશ્રયે નિશ્ચયચારિત્રથી જ પ્રગટે છે. કેમકે વ્યવહારના વિનય, ભક્તિ આદિ ભાવ તો પરાશ્રિત છે. છતાં તે હોય છે. પૂર્ણ વીતરાગતા ન હોય ત્યાં સુધી તે હોય છે, તોપણ, તે વ્યવહાર સાર નથી. સાર તો નિશ્ચયચારિત્ર છે.

આત્મા શ્રદ્ધા-જ્ઞાન-શાંતિથી જ્યારે પોતાનું સ્વરૂપ સાધે છે ત્યારે આવો વ્યવહાર સાથે હોય છે–વિનય, સ્વાધ્યાય આદિ ભાવ હોય છે. પણ તેનું ફળ પુણ્ય-સ્વર્ગનું બંધન છે. સમકિતીને પણ તેનું ફળ સ્વર્ગ છે.–અહા! આમ કહીને વ્યવહારનું જ્ઞાન કરાવ્યું –વ્યવહાર છે તેમ જણાવ્યું. પણ પછી ઉડાડી દીધો. કેમકે તેની કિંમત છે નહિ.

અહા! આ તો યોગસાર છે, એટલે કે સ્વરૂપની એકાગ્રતાના જોડાણનો સાર–મોક્ષમાર્ગનો સાર છે. શુદ્ધ પરમાનંદની મૂર્તિ ભગવાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે એક જ સાર છે. ને તે એક જ મોક્ષનો મારગ છે.

જેવું કાર્ય–સાધ્ય હોય છે તેવું જ તેનું કારણ–સાધન હોય છે–એવો નિયમ છે. તો, કાર્ય નિર્મળ છે તો તેનું સાધન પણ નિર્મળ હોય છે. હવે વ્રતાદિ તો મલિન છે. માટે સાધન મલિન છે ને સાધ્ય નિર્મળ થાય એમ બને નહિ. તે યથાર્થ ઉપાય નથી. પણ પરમ પવિત્ર મોક્ષદશાનું કારણ પણ પવિત્રતાના પરિણામ એવા નિશ્ચય સ્વસંવેદન –નિશ્ચય રત્નત્રય છે ને તે એક જ ઉપાય છે. પણ બીજો કોઈ ઉપાય નથી.

વ્યવહારનું પાળવું તે રાગ છે, ને રાગને કરીને કોઈ માને કે હું શ્રાવક છું ને મુનિ છું તો મૂઢ છે. શું તે શ્રાવકપણું ને મુનિપણું છે? તે તો બંધનું કારણ છે.

વ્યવહારની ક્રિયામાં શ્રાવકપણું કે મુનિપણું ક્યાંથી આવ્યું? મુનિપણું ને શ્રાવકપણું તો શુદ્ધાત્મનો અનુભવ કરવો તે છે. ને તે જૈનધર્મ છે. આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-આચરણ-સ્વરૂપ અનુભવ, તે એક જ મોક્ષનો મારગ છે, ને તે ચોથે ગુણસ્થાનથી શરૂ થાય છે.

અહા! નિશ્ચય છે તો વ્યવહાર છે કે વ્યવહાર છે તો નિશ્ચય છે તેમ નથી. પણ બન્ને સ્વતંત્ર છે. સ્વાશ્રયપણું ભિન્ન છે ને પરાશ્રયપણું પણ ભિન્ન છે. અને ખરેખર તો, શુદ્ધ ચૈતન્યમય આત્માનું જ્ઞાન થતાં સમ્યગ્દષ્ટિ વ્યવહારથી મુક્ત જ છે. જેમ પરદ્રવ્ય છે તેમ વ્યવહાર છે ખરો. પણ તે જ્ઞાનીમાં નથી. તેનાથી તે મુક્ત છે.

શ્રી 'સમયસાર'માં કહ્યું છે ને કે આ શરીર મૃતક ક્લેવર છે. તેમ સમ્યગ્દર્શન -આત્માના ભાન વિનાના જીવનું જીવન જ નથી પણ તે મડદું છે. અર્થાત્ શુદ્ધાત્માની પ્રતીતિ, અનુભવ વિના બધી શુભાચરણની ક્રિયા મડદું છે.-તેમાં જીવન નથી. પરમાત્મ પ્રકાશમાં પણ આવે છે કે જેમ જીવ વિનાનું શરીર અપૂજ્ય છે—મડદું છે. તેમ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માના સમ્યગ્દર્શન--જ્ઞાન વિના બધા વ્યવહાર વ્રતાદિ મડદા છે, અપૂજ્ય છે. સમ્યગ્દર્શન વિના બધા પ્રાણી ચાલતા મડદા છે, ને આત્માના જે ચૈતન્યપ્રાણ, આનંદપ્રાણ, ભાવપ્રાણ છે તેની પ્રતીત, તેનું જ્ઞાન ને તેમાં રમણતા કરે તો જીવતો થાય છે. વીતરાગ પરમેશ્વરના માર્ગમાં, વીતરાગસ્વરૂપ આત્માની વીતરાગી દૃષ્ટિ ને જ્ઞાનને જીવનું જીવન કહેવામાં આવે છે. તો એવા જીવના જીવન વિના લક્ષ્મી વગેરેથી જે પોતાને મોટો માને છે તે મરી ગયેલું મડદું છે. તથા વ્યવહારના ભાવવાળા હોવા છતાં જે શુદ્ધભાવથી રહિત છે તે પણ મડદું છે.

ભાઈ! આમાં તો એમ સિદ્ધ કર્યું છે કે શુદ્ધ સ્વભાવી આત્માની અંતર નિશ્ચય શ્રદ્ધા ને જ્ઞાન તે એક જ ધર્મ છે. અને તે એક જ મોક્ષનું કારણ છે. જો તે ન હોય તો, એકલા વ્રતાદિના ભાવ અમાન્ય-અપૂજ્ય છે. અહા! આ કાંઈ કોઈના ઘરની વાત નથી. પણ સર્વજ્ઞ, ત્રિલોકનાથ, તીર્થંકરદેવ કે જેમને એક સેકંડના અસંખ્યમા ભાગમાં ત્રણકાળ-ત્રણલોક જાણ્યા છે તેમની દિવ્યવાણીમાં આ આવ્યું છે. અનંતા તીર્થંકરોની વાણીમાં આ આવ્યું છે કે અખંડાનંદ પ્રભુ આત્માની દૃષ્ટિ જ્ઞાન ને રમણતા તે ત્રિલોકમાં સાર છે. ને તે વિનાના બધા વ્રતાદિ-તપાદિ અપૂજ્ય-અમાન્ય છે. એટલે કે કાઢી નાખવા લાયક છે. પણ જીવમાં ભેળવવા લાયક નથી. રાગરૂપી મડદું ચૈતન્યમાં ભળી શકે જ નહિ.

હવે ગાથા-૩૪

આત્મભાવથી આત્મને, જાણે તજી પરભાવ;
જિનવર ભાખે જીવ તે, અવિચળ શિવપુર જાય. ૩૪.

પુણ્ય-પાપના વિકલ્પ વિનાના આનંદમૂર્તિ ચૈતન્ય ભગવાન આત્માને આત્માથી જાણો. ને

રાગાદિને લક્ષમાંથી છોડી દ્યો. આમ જિનવર, પરમેશ્વર, ત્રિલોકનાથ કહે છે. નિર્મળ ને પરમાનંદસ્વરૂપી આત્માનો આશ્રય લઈને વ્યવહારના જે વિકલ્પો છે તેને છોડ. કેમકે આત્માને સાધવામાં તે બિલકુલ સહાયક નથી. માટે શુભભાવનો આશ્રય છોડે ને આત્માનો અનુભવ કરે તો ધર્મ થાય. અહા! રાગના લોભિયાને વીતરાગી વાતુ આકરી પડે એવી છે. વીતરાગ પરમાત્માની તો વિતરાગી વાતુ છે કે પુણ્ય-પાપ–બેય તડકા છે. જ્યારે ભગવાન આત્મા શાંત-શીતળરસથી ભરેલો છે.

અહા! અનંતકાળના જન્મ–મરણ મટાડવાનો ઉપાય કોઈ અપૂર્વ જ હોય ને! અનાદિકાળના સંસારમાં અનંતા....અનંતા....અનંત ને અનંતથી ગુણીએ તોપણ અંત ન આવે એટલા ભવો કર્યા છે. ભાઈ! રખડી રખડીને દુઃખી થઈ ગયો છો. અને તે પણ એક આત્માના ભાન–સમ્યગ્દર્શન વિના. માટે આચાર્યદેવ ફરમાવે છે કે વ્યવહારને છોડીને આત્માનો અનુભવ કર તો મોક્ષનગરમાં પહોંચીશ. અહા ભાઈ! તું ધીરો થા. ધીરો થા. તારા સ્વભાવમાં અનંત અનંત આનંદના સાગર ડોલે છે. તેની શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા કરતા અલ્પકાળમાં તારી મુક્તિ થશે. આ સિવાય મુક્તિનો બીજો કોઈ ઉપાય નથી. પુણ્યભાવ પણ તને મદદ કરે તેમ નથી. તે તો તને અટકાવનારા છે. માટે તેને છોડ.

'આતમભાવથી આતમને જાણે' અર્થાત ભગવાન આત્મા પોતાને રાગ રહિત નિર્વિકલ્પ શ્રદ્ધા–જ્ઞાનથી જાણે. ને 'તજી પરભાવ' એટલે કે દયા, દાન, વ્રતાદિના પરિણામ કે જે બંધના કારણ છે તેને છોડે તો તે 'અવિચળ શિવપુર જાય.'—શિવપુરને પામે છે. નહીંતર ચાર ગતિમાં રખડશે.–આમ જિનવર કહે છે.

છહાળામાં આવે છે ને કે 'લાખ વાતની વાત, નિશ્ચય ઉર આણો.' અહા! ચૈતન્યરત્નાકરમાં આનંદ, શાંતિ આદિ અનંત અનંત રત્નો ભર્યા છે. આવા આતમ-સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા કર તો તે દ્વારા તને અલ્પકાળમાં મુક્તિ થશે. વિશેષ કહેશે..... [ક્રમશઃ]

—o—

**શુદ્ધ દ્રવ્ય એને કહીએ કે જે પોતાની નિર્મળ પર્યાયને પણ અડતો નથી, ચુંબતો નથી, સ્પર્શતો નથી. અહીં કહે છે કે, પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. એ પર્યાયનું લક્ષ કરે તો એને રાગ થશે, ને રાગમાં લાભ માનશે તો મિથ્યાત્વ થશે.**

—પૂજ્ય ગુરુદેવશ્રી

# પર પદાર્થોને ભલા-બૂરા માનવા તે જ સંસાર-ભ્રમણનું કારણ

[ શ્રી ઇષ્ટોપદેશ ગાથા-૧૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૨૫-૩-૬૬ ]

દીર્ઘ દોર બે ખેંચતા, ભમે દંડ બહુ વાર,
રાગ-દ્વેષ અજ્ઞાનથી, જીવ ભમે સંસાર. ૧૧.

મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષની આ વાત છે, હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું એમ જ્યાં જ્ઞાતાપણાનું ભાન નથી ત્યાં અજ્ઞાનીને પોતાના સિવાય અન્ય પદાર્થમાં 'આ ઠીક છે ને આ અઠીક છે' એમ રાગ-દ્વેષનો અભિપ્રાય થાય છે. અને તે મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પરદ્રવ્ય છે. તેથી તેને હિતકારી માનવા એ મિથ્યાત્વ સહિતનો રાગ છે. અહા! જોકે તેની શ્રદ્ધા કરવી તે તો પુણ્ય છે પણ તે મને હિતના કરનારા છે-પરદ્રવ્ય મારું હિત કરી દેશે એવી માન્યતા તે મિથ્યાત્વ સહિતનો રાગ છે. અને જ્યા રાગ સ્થપાય છે ત્યાં તેનાથી પ્રતિકૂળ વિષયો ઉપર દ્વેષ થયા વિના રહે જ નહિ. ઉપવાસ આદિથી શરીરને શોષતાં જીવને લાભ થશે તેમ માનનારને પણ મિથ્યાત્વ સહિતનો રાગ છે. કેમકે જગતમાં ઇષ્ટ-અનિષ્ટ પદાર્થ કોઈ છે જ નહિ. માત્ર આત્મા જ્ઞાતા ને પરપદાર્થ જ્ઞેય-બસ એટલો સંબંધ છે. આત્મા આનંદસ્વરૂપ હોવાથી તેની દૃષ્ટિ અને એકાગ્રતાથી આત્માને શાંતિનો લાભ થાય છે.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં સાતમો અધિકાર આવે છે કે મિથ્યાદૃષ્ટિ સંસારમાં નરકાદિમાં દુઃખ જાણી તથા સ્વર્ગાદિમાં પણ જન્મ-મરણાદિનાં દુઃખ જાણી સંસારથી ઉદાસ થઈ મોક્ષને ઇચ્છે છે. હવે એ દુઃખોને તો બધાય દુઃખ જાણે છે, પણ ઇંદ્ર-અહમિંદ્રાદિક વિષયાનુરાગથી ઇન્દ્રિયજનિત સુખ ભોગવે છે તેને પણ દુઃખ જાણી નિરાકુળ સુખ અવસ્થાને ઓળખીને જે મોક્ષને ચાહે છે તે જ સમ્યગ્દૃષ્ટિ જાણવો' અહા! અજ્ઞાની સ્વર્ગમાં જન્મ-મરણના દુઃખો છે એમ તો જાણે છે. પણ ઇન્દ્રિયની આશા-વિષયનો રાગ પણ દુઃખ છે એમ જાણતો નથી. પોતાના સ્વરૂપને જાણ્યા વિના એ સ્વર્ગના સુખમાં સુખબુદ્ધિ રહે અને જન્મ-મરણને દુઃખ માને તો તે પણ દૃષ્ટિ મિથ્યા છે.

'વળી વિષયસુખાદિનાં ફળ નરકાદિક છે,' વિષય સુખ સેવશું તો નરકમાં જશું એમ અજ્ઞાનીને ડર લાગે છે. પણ વિષય સેવવાનો ભાવ જ દુઃખરૂપ છે ને આત્મા આનંદરૂપ છે તેવી તો દૃષ્ટિ કરતો નથી. 'શરીર અશુચિમય અને વિનાશિક છે, પોષણ કરવા યોગ્ય નથી'-આમ માનનારા પણ મિથ્યાદૃષ્ટિ છે. કેમકે એ તો દ્વેષ થયો. પરદ્રવ્યને શું છે?

સમ્યગ્દૃષ્ટિ તો તે પોષવાયોગ્ય છે કે નથી તેની દૃષ્ટિ છોડી, આત્મા આનંદકંદ છે તેમ તેની દૃષ્ટિ કરે છે. 'તથા કુટુંબાદિક સ્વાર્થનાં સગાં છે.' માટે છોડવા—એમ માનનાર પરદ્રવ્યને અહિતકર માને છે જે મિથ્યાત્વ છે. ભાઈ! તું પોતે અજ્ઞાનથી લૂંટાય છો ત્યારે તેને લૂંટારા કહેવાય છે. અને તે તો પરચીજ છે. પરચીજ તને નુકશાન ક્યાં કરે છે? પણ પરદ્રવ્યમાં અનિષ્ટની માન્યતા તે જ નુકશાન—મિથ્યાત્વ છે. —આમ અજ્ઞાની પરદ્રવ્યોનો દોષ વિચારી તેનો ત્યાગ કરે છે. પણ એ તો મિથ્યા છે. કેમકે દોષ પોતાનો છે કે પરનો? પરમાં ઇષ્ટ—અનિષ્ટપણું માનવું તે પોતાનો દોષ છે.

'તથા વ્રતાદિનું ફળ સ્વર્ગ—મોક્ષ છે, તપશ્ચરણાદિ પવિત્ર અવિનાશી ફળના આપનાર છે, એ વડે શરીર શોષવા યોગ્ય છે તથા દેવ-ગુરુ-શાસ્ત્રાદિ હિતકારી છે. ઇત્યાદિ પરદ્રવ્યોનો ગુણ વિચારી તેને જ અંગીકાર કરે છે.' પણ 'પરદ્રવ્યોમાં ઇષ્ટ—અનિષ્ટરૂપ શ્રદ્ધાન કરવું એ મિથ્યા છે. પરદ્રવ્ય ઇષ્ટ—અનિષ્ટ છે નહિ. છતાં માને તે મિથ્યાદૃષ્ટિ છે.

'વળી એ જ શ્રદ્ધા નથી તેને ઉદાસીનતા પણ દ્વેષબુદ્ધિરૂપ હોય છે'—પરદ્રવ્ય સારાં નથી અર્થાત્ સ્ત્રી-પુત્રાદિ નુકશાનકારક છે એમ ઉદાસ થઈ જાય તો તે પણ દ્વેષબુદ્ધિ છે. 'કારણ કે—કોઈને બૂરાં જાણવા તેનું જ નામ દ્વેષ છે.'

પ્રશ્નઃ—તો સમ્યગ્દૃષ્ટિ પણ પરદ્રવ્યોને બૂરાં જાણીને ત્યાગ કરે છે?

ઉત્તરઃ—સમ્યગ્દૃષ્ટિ પરદ્રવ્યોને બૂરાં જાણતો નથી પણ પોતાના રાગભાવને બૂરો જાણે છે, પોતે રાગભાવને છોડે છે તેથી તેના કારણોનો પણ ત્યાગ થાય છે' અર્થાત્ નિમિત્તનું લક્ષ છૂટી જાય છે. 'વસ્તુ વિચારતાં કોઈ પરદ્રવ્ય તો ભલાં—બૂરાં છે જ નહિ.' અહા! દેવ-ગુરુ-શાસ્ત્ર આત્માનું ભલું કરી દે કે કુટુંબ—કબિલા આત્માનું બૂરું કરી દે તેમ છે જ નહિ. કોઈ એવા દ્રવ્યો નથી કે જે આત્માનું ભલું—બૂરું કરી દે, એવો ભેદ તેમાં છે નહિ.

અહા! જ્ઞાનીને ઇષ્ટ—અનિષ્ટ વસ્તુ કોઈ છે જ નહિ. જો હોય તો, ઇષ્ટ પોતાનો સ્વભાવ ને અનિષ્ટ રાગ—દ્વેષાદિ. તે સિવાય ત્રીજી કોઈ ચીજ હોતી નથી. પોતાના આનંદકંદસ્વભાવની રુચિ કરવી તે ઇષ્ટ છે ને પુણ્ય—પાપના વિકલ્પ તે અનિષ્ટ છે. ઝીણી વાત છે, ભાઈ! શ્રદ્ધાની વાતની લોકોને ખબર જ નથી. ને બહારના ત્યાગ કરીને માને છે કે અમે ત્યાગી છીએ. પણ ભાઈ! આત્મા પરમાર્થે રાગનો ત્યાગ કરનાર પણ નથી. કેમકે રાગનો ત્યાગ કરે તેવું સ્વરૂપમાં નથી—સ્વરૂપ તો શુદ્ધ છે. પણ તેની દૃષ્ટિ થતાં રાગ ઉત્પન્ન થતો નથી, તેને રાગ ટાળ્યો તેમ વ્યવહારથી કથન કરવામાં આવે છે. આવી વાત છે ભાઈ!

આહા! આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. તો તે કઈ ચીજને ઇષ્ટ—અનિષ્ટ માને? ને કઈ ચીજને છોડતા કે ગ્રહણ કરતા તેને લાભ—નુકશાન થાય? અહા! ચૈતન્યતત્ત્વ એકલું

નિરાળું-પરદ્રવ્યના સંબંધ વિનાનું છે. તેની દૃષ્ટિમાં કોઈ પરદ્રવ્ય કિંચિત્ પણ હિતકારી કે અહિતકારી છે જ નહિ.

પ્રશ્ન:—તો પછી શું કરવું? પરને છોડવા જતાં તો મિથ્યાત્વ લાગે છે?

સમાધાન:—ભાઈ! પરપદાર્થને છોડવા નથી. કેમકે આ પદાર્થ પ્રતિકૂળ છે માટે છોડું તેવો ભાવ તો મિથ્યાત્વ છે. કોઈ પણ પરદ્રવ્ય પ્રતિકૂળ કે અનુકૂળ છે જ નહિ, તે તો જ્ઞાનનું જ્ઞેય છે. છતાં, જ્ઞેયને ઠેકાણે તેને પ્રતિકૂળ કે અનુકૂળ માનવું તે મિથ્યાત્વ છે.

જ્ઞાનીને પણ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે રાગનો ભાવ તો થાય છે. પણ તે હેયબુદ્ધિએ હોય છે. વળી તે પરપદ્રવ્ય છે માટે મને રાગ થયો છે ને રાગ થયો તો મને ધર્મનો લાભ થશે તેવી માન્યતા તેને હોતી નથી. અહા! લાભની ખાણ તો અનંતગુણનો પીંડ આત્મા છે. પણ તેની જગ્યાએ લાભનું ઠેકાણું જે મંદરાગને, પરને, નિમિત્તને માને છે તેને મિથ્યાશલ્ય છે, તે તે મિથ્યાત્વથી ચંચળ ને અધીરો થઈ જાય છે. જ્યારે જ્ઞાનીને જરી અસ્થિરતાની ચંચળતા થઈ જાય છે તે પુરુષાર્થની કમજોરી છે. અહા! કોઈ પદાર્થ ઇષ્ટ લાગે છે માટે તેને રાગ થાય છે એમ નથી. તેમ જ સ્વભાવ રાગને કરે છે તેમ પણ નથી. પરંતુ પુરુષાર્થની કમજોરીથી થાય છે.—આમ દૃષ્ટિ હોવાથી તે રાગને જ્ઞાતા તરીકે જાણે છે.

જેટલા દોષ છે તે બધા, રાગ-દ્વેષના સંબંધથી અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. જ્યારે 'આ મારા છે' એમ માનીને રાગ કરે છે ત્યારે તેને બીજા ઉપર દ્વેષ આવ્યા વિના રહેતો નથી. અજ્ઞાનીને સ્વપદાર્થની અને પરપદાર્થની ભિન્નતાની ખબર નથી. તેથી તેને ક્યાંક પરપદાર્થમાં પ્રીતિ-લાભબુદ્ધિ થયા વિના રહેતી નથી. અને તેથી બીજા પદાર્થમાં દ્વેષબુદ્ધિ થયા વિના રહેતી નથી.

અહા! સ્વને ભૂલીને જ્યાં પરમાં નિજ-પરનો ભેદ પડ્યો મારા ને તારાનો ભાગ પડ્યો ત્યાં મિથ્યાત્વનો રાગ-દ્વેષ થાય છે. અને તેવી રીતે હું ભલો ને બીજા બધા ખરાબ એમ માનતા પણ મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે. ભાઈ! તને ભ્રમણા થઈ છે. હું જ્ઞાન ને તે જ્ઞેય—એમ માનને ભાઈ! પરપદાર્થ ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો, પંચ પરમેષ્ઠિ હો, નિગોદ હો કે શત્રુ હો—બધા આત્માના જ્ઞાનના જ્ઞેય છે. પણ આ ઠીક કે આ અઠીક એવું વસ્તુમાં નથી. તેમ જ અહીં સમ્યગ્જ્ઞાનમાં પણ નથી. છતાં તેં પરિણામમાં ઠીક-અઠીક માની રાગ-દ્વેષ ઉભા કર્યા છે.

અહા! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી તે મિથ્યાત્વ નથી. પણ એ તો રાગ છે. પરંતુ તે રાગથી મારું કલ્યાણ થશે તેમ માનવું તે મિથ્યાત્વ છે. કેમકે દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે તો ગણધરને ને સમકિતીને પણ રાગ હોય છે. છતાં પણ તે રાગ પરને લઈને થયો છે કે

તે મારુ કર્તવ્ય છે—મારો સ્વભાવ છે એમ તે જાણતા-માનતા નથી. પણ તે ભૂમિકામાં એવો રાગ આવ્યા વિના રહેતો નથી. જ્યારે અજ્ઞાની તો રાગને જ કલ્યાણનું કારણ માને છે. તેના—મિથ્યાત્વ સહિતના રાગની અહીં વાત ચાલે છે.

દ્રવ્યલિંગી ૨૮ મૂલગુણ પાળીને અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો છે. તોપણ પુણ્યને ધર્મ માન્યો છે ને શરીરની ક્રિયા મારાથી થાય છે તેમ માનીને મિથ્યાત્વને પાળ્યો છે. નવમી ગ્રૈવેયકે ગયો પણ આ મિથ્યાત્વભાવને ટાળ્યો નહિ. અજ્ઞાની જ્યાં સુધી આત્મા શુદ્ધ જ્ઞાયક છે તેવી દૃષ્ટિ નહીં કરે અને પરપદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટના ભાગલા પાડશે ત્યાં સુધી તેને ૮૪ના અવતાર ચાલ્યા કરશે પણ 'હું ચૈતન્યમૂર્તિ છું-શુદ્ધ જ છું, રાગનો કણ પણ કરવો તે મારા સ્વરૂપમાં નથી'—એમ સ્વભાવની દૃષ્ટિ કરશે તો રાગદ્વેષ રોકાઈ જશે, ટળી જશે.

શ્રી 'પંચાસ્તિકાય'ની ૧૨૮-૧૨૯-૧૩૦ ગાથામાં કહ્યું છે કે જે સંસારમાં-મિથ્યાત્વમાં રહેવાવાળો જીવ છે તેને રાગ-દ્વેષ પરિણામ થાય છે. તેનાથી કર્મબંધ થાય છે. બાંધેલ કર્મથી સ્વર્ગાદિ ગતિ જીવને થાય છે. તેનાથી શરીર પ્રાપ્ત થાય છે. શરીર પ્રાપ્ત થવાથી પાંચ ઈંદ્રિયની પ્રાપ્તિ થાય છે. ઈંદ્રિયો પર ઉપર લક્ષ કરનારી હોય છે ને વિષયને-પરને શુભ-અશુભ માનતા રાગ-દ્વેષ થાય છે. આ પ્રમાણે સંસારચક્રમાં જીવને ભાવ થયા કરે છે એમ જિનવરોએ કહ્યું છે.

અહા! અનંતવાર સમવસરણ જોયા, અનંતવાર ભગવાન જોયા ને અનંતવાર દ્રવ્યલિંગી પણ થયો. પણ એ તો પર વિષય છે. ને તેનાથી શુભરાગ-પુણ્ય થયું. જે બંધનું કારણ થયું. અહા ભાઈ! એક ને એક બે જેવી વસ્તુ છે કે પોતાવા આત્માને-સ્વને વિષય કરે તો તેમાં રાગ ન થાય ને પરનો વિષય કરે તો તેમાં રાગ શુભ કે અશુભ-થયા વિના રહે નહીં. માટે પરનું લક્ષ છોડે તો સ્વમાં જવાય. પણ જે પરના લક્ષમાં જ લાભ માને છે તે પરલક્ષ છોડે કેવી રીતે? અહા! સમવસરણમાં અનંતવાર ગયો છે ને દેવ-ગુરુ-શાસ્ત્ર પાસે પણ ગયો છે. પણ તેથી શું? કામ-ભોગ ને બંધ કથા સાંભળી છે. સમયસારની ચોથી ગાથામાં આવે છે તે કે 'શ્રુત-પરિચિત-અનુભૂત સર્વને કામ-ભોગબંધન કથા....' કામ એટલે રાગ ને ભોગ એટલે દુઃખને ભોગવવું. આમ પુણ્ય-પાપને કરવાની તથા ભોગવવાની વાત તેણે સાંભળી છે. પણ રાગદ્વેષ વિનાના આત્માની વાત તેણે સાંભળી નથી.

શ્રી 'સમયસાર'ની ૩૧ મી ગાથામાં જિતેન્દ્રિયની વ્યાખ્યા કરી છે કે પાંચ દ્રવ્યેન્દ્રિય, ખંડ-ખંડ જ્ઞાન-ભાવેન્દ્રિય અને દ્રવ્યેન્દ્રિયના વિષયોથી હઠીને અતીન્દ્રિય આત્મા તરફ જાય ત્યારે વિષયો જીત્યા કહેવાય ને ત્યારે જિતેન્દ્રિયપણું કહેવાય છે. અહા! સ્વના લક્ષ વિના આ શરીર મળ્યું, શરીરથી ઇન્દ્રિયો મળી ને ઇન્દ્રિયોથી પર

લક્ષ કરતા રાગ-દ્વેષ થયા રાગ-દ્વેષથી બંધ થયો ને બંધથી પાછું શરીર મળ્યું.—આમ ચક્કર ચાલ્યા કરે છે.—જીવનું અનાદિથી ભવ પરિભ્રમણ થયા જ કરે છે. એમ જિનેન્દ્રિદેવ–સર્વજ્ઞ–ત્રિલોકનાથ કહે છે.

અહા! સ્વની રુચિ વિના પરપદાર્થના લક્ષમાં ઠીક-અઠીક માનીને, રાગ-દ્વેષ કરીને મિથ્યાત્વના ભાવથી તે રખડી રહ્યો છે. જ્યાંસુધી આ ઠીક-અઠીકપણું પરના વિષયમાં–ઇન્દ્રિય તરફના લક્ષમાં રહેશે ત્યાં સુધી સંસાર એમ ને એમ ઊભો રહેશે. પણ જ્યારે ઇન્દ્રિયાતીત ભગવાન આત્મ ી દૃષ્ટિ કરશે ત્યારે તે અટકશે. સ્વ ચૈતન્યનો આશ્રય કરતા ને પરની એકત્વબુદ્ધિ છૂટતા, રાગ-દ્વેષ (એકતાબુદ્ધિવાળો) નહિ રહે ને સંસાર નહિ રહે–પરિભ્રમણ છૂટી જશે... વિશેષ કહેવાશે. [ ક્રમશ ]

## સોનગઢ ખાતે દાનમાં જાહેર થયેલી રકમ :—

* ગોંડલ નિવાસી [ હાલ મુંબઈ ] સ્વ. શ્રી કંચનબેન પુનમચંદ ગુદ્યાની પુણ્યસ્મૃતિ નિમિત્તે તેમના સુપુત્ર શ્રી ઇન્દ્રવદનભાઈ વિગેરે તરફથી

૭૩૦૫, શ્રી નંદીશ્વર જિનાલય, સમાધિમંદિર, કાયમી પૂજા આદિ ખાતામાં

* વિંછીયા નિવાસી [ હાલ ઘાટકોપર ] શ્રી રસીકલાલ અમરચંદ ડગલી તરફથી તેમની સુપુત્રી સ્વ. બેન શીલાની પુણ્ય સ્મૃતિ નિમિત્તે

૧૪૫૭ શ્રી નંદીશ્વર જિનાલય, સમાધિમંદિર, કાયમી પૂજા આદિ ખાતે

૧૦૦૧ પૂ. ગુરુદેવશ્રીની ૯૪ મી જન્મજયંતિ પ્રસંગે મંડળ વિધાન પૂજા, તેમજ ૩૧૦૦૦, તેમના હસ્તક ધ્રુવફંડમાં અને ઘાટકોપર વિંછીયા આદિ અન્ય ગામોના ધાર્મિક ખાતાઓમાં મળી કુલ રૂા ૬૨૦૦૦

* શ્રી જગદીશભાઈ આણંદજી અજમેરા તરફથી શ્રી બ્ર. ગુલાબચંદભાઈના સ્મરણાર્થે.

૧૮૦૫ શ્રી નંદીશ્વર જિનાલય, સમાધિમંદિર, કાયમી પૂજા આદિ ખાતામાં

* લખતર નિવાસી [ હાલ અમદાવાદ ] સ્વ. શ્રી સોમચંદ ભાઈચંદ દોશીની પુણ્ય સ્મૃતિ નિમિત્તે તેમના તરફથી

૧૦૦૧ શ્રી નંદીશ્વર જિનાલય, સમાધિમંદિર, કાયમી પૂજા આદિ ખાતામાં.

* મલાડ નિવાસી સ્વ. શ્રી જીવરાજ દેવજીભાઈ જૈનની પુણ્ય સ્મૃતિ નિમિત્તે તેમના તરફથી

૯૫૩] શ્રી નંદીશ્વર જિનાલય, સમાધિમંદિર, કાયમી પૂજા આદિ ખાતે.

* જામનગર નિવાસી [ હાલ સોનગઢ ] સ્વ. શ્રી લલીતાબેન જીવણલાલની પુણ્ય સ્મૃતિ નિમિત્તે તેમના તરફથી

૧૦૯૯ કાયમી પૂજાઓ ખાતે

* સ્વ. શ્રી ચંદ્રિકાબેન મોહનલાલ ભાયાણી તરફથી

૮૦૪ શ્રી નંદીશ્વર જિનાલય, સમાધિમંદિર, કાયમી પૂજા આદિ ખાતે.

[ સ્થળ સંકોચના કારણે જાહેર થયેલ દાનની રકમ આવતા અંકમાં આપવામાં આવશે. ]

# ગુરુદેવને ઉપકૃતભાવભીની વંદના

[ ૯૩ મી ગુરુજન્મજયંતીના મંગલ દિને ભક્તિભાવભર્યું વક્તવ્ય ]

આપણા પરમ ઉપકારી, આપણા જીવનના ઘડવૈયા, આપણને શાશ્વત હિતના માર્ગે દોરનાર પૂજ્ય ગુરુદેવની પાવન જન્મજયંતીનો આ પ્રસંગ તેઓશ્રીના ગુણો અને ઉપકારો સ્મરીને તેમને ઉપકૃતભાવે વંદન કરવાનો પ્રસંગ છે. આપણા જીવનમાં નિરંતર આપણને ગુરુદેવ તો યાદ આવ્યા જ કરે છે અને આપણા જીવનઘડતરમાં હંમેશાં મદદરૂપ થાય છે તોપણ મુમુક્ષુ ભાઈ-બહેનો માટે વિશાળ સમૂહરૂપે એકત્ર થઈને તેઓશ્રીના ઉપકારોને વિશિષ્ટરૂપે મનઃપટ પર લાવીને વાણી દ્વારા વ્યક્ત કરવાનો આજનો શુભ અવસર છે.

भेदविज्ञान जग्यौ जिन्हके घट, सीतल चित्त भयौ जिम चंदन ।
केलि करै सिवमारगमैं, जग माहिं जिनेसुरके लघुनंदन ।।
सत्य सरूप सदा जिन्हके, प्रगटयौ अवदात मिथ्यातनिकंदन ।
सांतदसा तिन्हकी पहिचानि, करै कर जोरि बनारसि वंदन ।।

—આમ શ્રી બનારસીદાસજીએ સામાન્ય રીતે સર્વ ભેદવિજ્ઞાનીઓને શિવમારગમાં કેલી કરનાર કહી તેમને કર જોડીને વંદન કર્યું છે. આપણા ગુરુદેવ તો મોક્ષમાર્ગમાં કેલી કરનાર ભેદવિજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ હોવા ઉપરાંત આપણને ભવભ્રમણનાં દુઃખ ટાળવાનો સાચો માર્ગ બતાવનાર પ્રત્યક્ષ અનંત-ઉપકારી હતા. તેઓશ્રીને આપણે આજના પ્રસંગે વિશિષ્ટ ભક્તિભાવપૂર્વક વંદન કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવે જ્યારે ઘણાં વર્ષો પહેલાં શ્રીમદ્ રાજચન્દ્રજીની જન્મજયંતીના ઉત્સવમાં પ્રવચન આપ્યું હતું ત્યારે તેમણે કહ્યું હતું કે 'સમ્યગ્દૃષ્ટિ બળદની ખરી જે વિષ્ટા ઉપર પડે તે વિષ્ટા પણ ધન્ય છે'. સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ કે જેનાથી કોઈ ઉપકાર થવાનો નથી તેની ખરી નીચેની—માત્ર ધૂળને નહિ પણ—વિષ્ટાને પણ ધન્ય કહી! કેવું અર્થગંભીર ટૂંકું વાકય! સમ્યગ્દૃષ્ટિ પ્રત્યેનો કેવો માહાત્મ્યભાવ ગુરુદેવના હૃદયમાં ઘોળાતો હશે? સમ્યગ્દૃષ્ટિનું આવું અપાર માહાત્મ્ય છે. ભલે આપણે સમ્યગ્દર્શનની પરિણતિ પ્રાપ્ત કરી ન હોય, સમ્યગ્દર્શનના વિષયભૂત ભગવાન આત્માનું આપણને દર્શન થયું ન હોય, પરંતુ સમ્યગ્દૃષ્ટિ પ્રત્યે આવો માહાત્મ્યભાવ તો જરૂર આપણા હૃદયમાં નિરંતર રહેવો જોઈએ. તે, ભગવાન આત્માને પ્રાપ્ત કરવાના પુરુષાર્થની

ભાવનાનો સૂચક છે. જો સમ્યગ્દૃષ્ટિ પ્રત્યે આપણા અંતરમાં પરમ માહાત્મ્યભાવ ન હોય, તો આપણને ભગવાન આત્મા પ્રાપ્ત કરવાની એવી તમન્ના પણ નથી.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે: 'અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર'. અનાદિ કાળથી અનંત અનંત જીવોની વણજાર અંધના માર્ગે ચાલી જાય છે. તે બધાનું મુખ બંધ તરફ જ છે. 'યમનિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગવિરાગ અથાગ લહ્યો; વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાય દિયો.' એવી કડક ક્રિયાઓ પાળનાર સાધુઓ પણ એ બંધમાર્ગે ચાલતી વણજારમાં જ છે. 'સબ શાસ્ત્રનકે નય ધારી હિયે, મતમંડન-ખંડન ભેદ લિયે' એવા અગિયાર અંગ ને નવ પૂર્વના જાણપણાવાળા સાધુઓ પણ એ વણજારમાં જ ચાલ્યા જાય છે. તેમાંથી કોઈ વિરલ જીવ અપૂર્વ પુરુષાર્થપૂર્વક પોતાની પરિણતિ ફેરવી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લે, તે જ પુરુષ એવો છે કે જેણે અનંત અનંત કાળથી અનંત અનંત જીવોની બંધમાર્ગે ચાલી જતી વણજારમાંથી છૂટા પડી, પોતાનું મુખ ફેરવી નાખી, મોક્ષના માર્ગે પ્રયાણ આદર્યું છે. ભલે તે ધીમી ગતિએ ચાલતો હોય, સાધુપણે ન હોય, કેવળીપણે ન હોય, પણ તેની દિશા મોક્ષ તરફની છે, તેની જાતિ મોક્ષમાર્ગીની છે. આવું તેનું માહાત્મ્ય આપણા હૃદયમાં ઘર કરી જવું જોઈએ. માત્ર સમ્યગ્દૃષ્ટિ તરીકેનું આટલું માહાત્મ્ય છે, તો પછી સંસારસાગર તરી જવાનો ઉપાય બતાવનાર એવા પ્રત્યક્ષ-ઉપકારી સમ્યગ્દૃષ્ટિના માહાત્મ્યની તો શી વાત કરવી? એવા આપણા પરમ-ઉપકારી સમ્યગ્દૃષ્ટિ કૃપાળુ ગુરુદેવ પ્રત્યે તો આપણું સર્વસ્વ ન્યોચ્છાવર કરી દેવાના ભાવ આવે તે પણ ઓછું છે. આજના પવિત્ર પ્રસંગે તેઓશ્રીને ઉપકૃતભાવે પરમભક્તિપૂર્વક વંદન હો.

વીરમાર્ગનો ઉદ્ધાર કરનાર, યુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવનો માંગલિક જન્મ સં. ૧૯૪૬ માં વૈશાખ સુદ બીજના શુભ દિને ઉમરાળામાં થયો હતો. લઘુ વયથી જ તેઓ ઠરેલ, વિચારક, દરેક વસ્તુના હાર્દમાં ઊતરનારી તેજસ્વી બુદ્ધિવાળા, વૈરાગી, સત્યનિષ્ઠ, અલ્પજીવી વસ્તુ પ્રત્યે ઉપેક્ષાવૃત્તિવાળા, શાશ્વત હિત કરવાની ભાવનાવાળા, સાધુજનોના સંગના પરમ પ્રેમી—ઇત્યાદિ વિવિધ સદ્‌ગુણોથી વિભૂષિત હતા. તેઓશ્રીએ નિજ કલ્યાણની ભાવનાથી સં. ૧૯૭૦ માં સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં મુનિદીક્ષા અંગીકૃત કરી. તે સંપ્રદાયના મુનિ તરીકે તેઓ અતિ કડક ચારિત્ર પાળતા, અને લગભગ બધો સમય શાસ્ત્રસ્વાધ્યાયમાં ગાળતા. એક આખા ચાતુર્માસમાં એકાંતર ઉપવાસો કરી બધાં શ્વેતાંબર શાસ્ત્રોનો સ્વાધ્યાય કરી લીધો હતો. આ અલ્પાયુષી

મનુષ્યભવમાં નિજ કલ્યાણ સાધવું એ જ પરમ કર્તવ્ય છે એવું તેઓશ્રીને હાડોહાડમાં વ્યાપી ગયું હતું. દીક્ષા પછી થોડા વખતે તેમના ગુરુ શ્રી હીરાજી મહારાજે ગુરુદેવના સદ્‌ગુણો, આત્માર્થિતા અને વિદ્વત્તા જોઈને તેમને વ્યાખ્યાનો વાંચવા માટે વાત્સલ્યપૂર્વક કહ્યું હતું ત્યારે ગુરુદેવે નમ્રતાથી છતાં દૃઢતાપૂર્વક જણાવ્યું હતું કે 'મહારાજ! હું વ્યાખ્યાન વાંચવા નથી આવ્યો, હું તો મારા આત્માનું કરવા આવ્યો છું'. (—જોકે કેટલાક વખત પછી સંયોગવશાત્ વ્યાખ્યાન વાંચવાનું તેમના માથે આવી પડ્યું હતું.) 'ભવનો અંત કરવો' એ જ ધબકારથી તેમનું હૃદય ધબકતું હતું. 'ભજીને ભગવંત ભવંત લહો' એ પંક્તિમાં 'ભવંત લહો' એ સાંભળતાં તેઓ ડોલી ઊઠતા.

આમ ભવનો અંત કરવાનું ધ્યેય રાખીને નિર્દોષ પરાક્રમી દીક્ષિતજીવન ગાળતાં પુણ્યયોગે તેમના હાથમાં શ્રી કુંદકુંદાચાર્યદેવરચિત શ્રી સમયસાર શાસ્ત્ર આવ્યું, જે વાંચતાં તેમને તે શાસ્ત્ર અપાર મહિમાવંત લાગ્યું અને તેમણે તેને 'અશરીરી થવા માટેનું ઉત્તમ શાસ્ત્ર' કહ્યું. શ્રી સમયસાર પરમાગમ ઉપરાંત તેમણે અન્ય દિગંબર શાસ્ત્રો તથા મોક્ષમાર્ગપ્રકાશક, પંચાધ્યાયી વગેરેનો પણ ઊંડો સ્વાધ્યાય કર્યો, જેથી તેમને દ્રવ્યની સંપૂર્ણ સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, સમ્યગ્દર્શનનું મહિમાયુક્ત સ્વરૂપ, સ્વાનુભૂતિ, શુભભાવોનું પણ બંધસ્વરૂપપણું, જ્ઞાયકના આશ્રયસ્વરૂપ શુદ્ધભાવનું જ મોક્ષમાર્ગપણું, નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ થતાં સિદ્ધના સુખની વાનગીનો સ્વાદ—ઇત્યાદિ અનેક બાબતોનો તેમના અંતરમાં સ્પષ્ટ પ્રકાશ થયો. તેમના વસ્તુસ્વરૂપના દર્શનમાં પરિવર્તન થયું. તેમને દિગંબર જૈન શાસનની પરમ સત્યતા ભાસી. તેમને જે સત્ય સિદ્ધાંતો સમજાયા હતા તે સિદ્ધાંતો તેઓ વ્યાખ્યાનોમાં પણ મૂકતા. પરમસત્ય સિદ્ધાંતોના તેજથી દેદીપ્યમાન તેમનાં વ્યાખ્યાનો જુદી જ ભાત પાડતાં અને હજારો શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ સાંભળતા. તેમના કડક ચારિત્રની અને સૈદ્ધાંતિક જ્ઞાનની સુવાસ માત્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં જ નહિ પણ આખા ભારતમાં ફેલાઈ હતી. જૈનોના અન્ય સંપ્રદાયના કોઈ કોઈ લોકોને પણ એમ વિચાર થતો કે કાનજી મહારાજ જેવા ઉત્તમ સાધુ સ્થાનકવાસી સંપ્રદાયમાં છે તો શું તે સંપ્રદાય સાચો હશે? શું મૂર્તિપૂજા શાસ્ત્રોમાં વિહિત નહિ હોય? આ રીતે જોકે તેમની કીર્તિ ભારતભરમાં ફેલાઈ હતી અને તેઓશ્રી સ્થાનકવાસી જૈનોના હૃદયમાં પેસી ગયા હતા તોપણ તેમની શ્રદ્ધામાં પરિવર્તન થયું હોવાથી 'અંદરમાં શ્રદ્ધા કાંઈક અને બહારમાં વર્તન કાંઈક' એવી સ્થિતિ તેમને ખટકતી હતી, તેથી તેમણે સં. ૧૯૯૧ માં અહીં સોનગઢમાં શ્રી હીરાભાઈના મકાનમાં પરિવર્તન કર્યું, સ્થાનકવાસી સંપ્રદાયનું ચિહ્ન જે મુહપતી તેનો ત્યાગ કર્યો.

જોખમ તો ઘણું હતું, પૂજાના સ્થાને તિરસ્કાર થવાનો સંભવ હતો, ઉગ્ર પરિષહ-ઉપસર્ગ પડવાની સંભાવના હતી, પરંતુ તે બધું સહન કરવાની તૈયારી રાખી તે પરાક્રમી ભડવીર પુરુષ સર્વ જાહોજલાલી છોડી સત્યને ખાતર સોનગઢના એકાંત સ્થળમાં જઈને બેઠા.

સંપ્રદાયની શોભારૂપ એક ઉત્તમ સાધુના સંપ્રદાયપરિવર્તનથી સંપ્રદાયમાં ઠીકઠીક ખળભળાટ તો થયો પણ કાળક્રમે તે શમી ગયો. ધીમે ધીમે જિજ્ઞાસુ જનોનાં પૂર સોનગઢ તરફ વિશેષ ને વિશેષ વળવા લાગ્યાં. હંમેશાં સોનગઢમાં ગુરુદેવનાં પ્રવચનો નિયમિત ચાલતાં હતાં; તે ઉપરાંત સોનગઢથી અનેક સત્શાસ્ત્રો અને પ્રવચનગ્રંથો પ્રકાશિત થવા લાગ્યાં, 'આત્મધર્મ' માસિકપત્ર પ્રકાશિત થતું, તીર્થયાત્રાદિનિમિત્તે ભારતવર્ષમાં ગુરુદેવના વિહારો થયા. આ રીતે વિવિધ પ્રકારે કલ્પનાતીત વ્યાપક ધર્મોદ્યોત ગુરુદેવ દ્વારા થયો.

આ અસાધારણ ધર્મોદ્યોત સ્વયમેવ વિનાપ્રયત્ને સાહજિક રીતે થયો છે. ગુરુદેવે ધર્મપ્રભાવના માટે કદી કોઈ યોજના વિચારી નહોતી. તે તેમની પ્રકૃતિમાં જ નહોતું. મુનિને કોઈ કર્મપ્રક્રમના પરિણામ ન હોય અર્થાત્ મુનિ કોઈ પ્રવૃત્તિનાં કામ માથે ન લે—એ પ્રવચનસારની વાતનું વિવરણ કરતાં, જાણે કે પોતાના હૃદયની વાત શાસ્ત્રમાંથી મળી આવી હોય તેમ, તેઓ બહુ ખીલી ઊઠતા. તેમનું સમગ્ર જીવન નિજકલ્યાણ-સાધનાને સમર્પિત હતું. જગત જગતનું જાણે, મારે મારું કરવું છે—એ એમનું હૃદય હતું. 'आप मूए सब डूब गई दुनिया' એમ કબીરે ગાયું છે પરંતુ ગુરુદેવને તો જીવતાં જ 'मेरे लिये कोई है नहीं दुनिया' એવી પરિણતિ જીવનમાં વણાઈ ગઈ હતી.

તેઓશ્રીએ જે સુધાઝરતી આત્માનુભૂતિ પ્રાપ્ત કરી હતી, જે કલ્યાણકારી તથ્યોને આત્મસાત્ કર્યાં હતાં, તેની અભિવ્યક્તિ 'વાહ! આવી વસ્તુસ્થિતિ!' એમ વિવિધપ્રકારે સહજભાવે ઉલ્લાસપૂર્વક તેમનાથી થઈ જતી, જેની ઊંડી આત્માર્થપ્રેરક અસર શ્રોતાઓના હૃદય પર પડતી.

એક વાર પૂજ્ય ગુરુદેવ પાસે અમે થોડા ભાઈઓ બેઠા હતા અને ગુરુદેવ મુનિઓના અને સમ્યગ્દૃષ્ટિઓના આત્માનંદની અદ્‌ભુતતા વર્ણવતા હતા: 'મુનિઓ કાંઈ દુઃખી હોતા નથી, તેઓ તો આનંદમાં મહાલે છે. તેમના સાચા આનંદ પાસે ઇંદ્રોનાં કાલ્પનિક સુખ તો ખરેખર બળતરા છે. સમ્યગ્દૃષ્ટિ જીવે પણ સિદ્ધસદૃશ આંશિક સુખનો સ્વાદ ચાખ્યો હોય છે, જે સુખનો અંશ પણ વૈષયિક સુખાભાસોમાં હોતો નથી. જ્ઞાની જીવોનો અહો કેવો અલૌકિક આનંદ?' મેં કહ્યું: 'ગુરુદેવ! ખાજાં ને ખાંડ ખાનાર પુરુષને જોતાં અથવા તેના આનંદદાયક સ્વાદની વાત સાંભળતાં

જોનારને અથવા વાત સાંભળનારને ( જેવી ભૂખ ભાંગે અને ) જેવો આનંદ આવે એવો આનંદ આપની વાત સાંભળતાં અમને આવે છે.' ગુરુદેવે મુક્ત હાસ્ય કર્યું ને કહ્યું : 'તમારી પાસે પણ અખૂટ ખાજાં ને ખાંડનો-અમૃતભોજનનો ડબો ભર્યો છે, ખોલીને ખાઓને'! એ વાત્સલ્યપૂર્ણ સહૃદય પ્રેરક વચનો સાંભળી, 'અહો! ક્યારે એ અમૃતભોજનનો ડબો ખોલતાં અમને આવડે અને અમૃતભોજન કરી તૃપ્ત થઈએ!' એવી હૃદયોર્મિ મને જાગી.

—આવા ઉપરોક્ત સાહજિક પ્રકારે મુખ્યપણે ગુરુદેવ દ્વારા સત્ય ધર્મની પ્રભાવના થઈ હતી, કોઈ યોજનાપૂર્વક નહિ.

જૈનોના બધા ફિરકાઓમાં શરીરાશ્રિત ક્રિયાકાંડોમાં અથવા ક્રિયાકાંડાવલંબી શુભભાવોમાં બહુધા ધર્મ મનાતો હતો. એવા સમયમાં ગુરુદેવે સ્વાનુભૂતિયુક્ત સાહજિક સિંહગર્જના કરી કે—આત્મા એક જ્ઞાનાનંદસ્વભાવી પદાર્થ છે. તેની સ્વાનુભૂતિ કર્યા સિવાય સમ્યગ્દર્શન હોતું નથી, સમ્યગ્જ્ઞાન હોતું નથી, સમ્યક્ચારિત્ર હોતું નથી. સ્વાનુભૂતિ થતાં જે શુદ્ધભાવનો અંશ પ્રગટે છે તે જ વૃદ્ધિ પામતાં પામતાં મોક્ષને સાધે છે. આ મોક્ષ પ્રાપ્ત કરવાની વિધિ છે, આ સિવાય કોઈ અન્ય વિધિ છે નહિ —એમ અમે સ્વાનુભવથી કહીએ છીએ. તમે નિઃશંકપણે આ માર્ગે ચાલ્યા આવો. શુદ્ધભાવની કચાશમાં સાથે જે શુભભાવો હોય છે, તે તો ખરેખર બંધનાં કારણ હોવા છતાં ઉપચારથી મોક્ષનાં કારણ કહેવાય છે. માટે આ મહામૂલા મનુષ્યભવમાં આત્મહિત કરી લેવાના ઇચ્છુક જનોએ વસ્તુસ્વરૂપ સમજી સ્વાનુભૂતિયુક્ત સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી આંશિક શુદ્ધ પરિણતિ પ્રગટ કરવાનો પુરુષાર્થ કર્તવ્ય છે.

આમ ખરેખર ગુરુદેવે સ્વાનુભૂતિપ્રધાનતાનો યુગ પ્રવર્તાવ્યો છે. 'मेरो धनी नहि दूर दिसंतर, मोहीमें है मोहि सूझत नीकै' એવો જોરદાર સિંહનાદ કરી ગુરુદેવે સર્વજ્ઞ-વીતરાગપ્રણીત સ્વાનુભૂતિપ્રધાન જિનશાસનની ઝંખાયેલી જ્યોતમાં નવું તેજ પૂરી આત્માર્થી જીવો પર અનહદ ઉપકાર કર્યો છે.

પૂજ્ય ગુરુદેવ પ્રત્યેક પદાર્થની સ્વતંત્રતાની ઘોષણા નિત્ય કરતા અને ફરમાવતા કે વિશ્વનાં અનંત દ્રવ્યો પૂરેપૂરાં સ્વતંત્ર છે. સૌ દ્રવ્યોનાં ગુણપર્યાયો અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય જુદે જુદાં છે. આત્મદ્રવ્યને શરીરાદિ પરદ્રવ્યો સાથે કાંઈ સંબંધ નથી. આત્મા અન્ય પદાર્થોથી તદ્દન ભિન્ન રહીને પોતાના શુભ, અશુભ કે શુદ્ધ ભાવને પોતે જ કરે છે. અહીં સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થતો કે "(શ્રી પ્રવચનસારમાં કહ્યા પ્રમાણે ) શુભ કે અશુભમાં પ્રણમતાં 'શુભ કે અશુભ' આત્મા બને" એમ આપ કહો છો અને સાથે સાથે "આત્મા 'સદા શુદ્ધ' રહે છે, જે

શુદ્ધતાનો આશ્રય કરવો તે મોક્ષમાર્ગ છે'' એમ પણ આપ ફરમાવો છો; આ બન્ને વાતનો મેળ કઈ રીતે છે? આ અત્યંત અત્યંત અગત્યની વાતનું સ્પષ્ટીકરણ ગુરુદેવ આ પ્રમાણે કરતાઃ—સ્ફટિકમણિ લાલ વસ્ત્રના સંયોગે લાલ થાય છે ત્યારે પણ તેની નિર્મળતા સર્વથા નષ્ટ થઈ ગઈ નથી, સામર્થ્ય-અપેક્ષાએ—શક્તિ-અપેક્ષાએ તે નિર્મળ રહ્યો છે; તે લાલાશરૂપે અવશ્ય પરિણમ્યો છે, તે લાલાશ સ્ફટિકની જ છે, વસ્ત્રની બિલકુલ નહિ; પરંતુ તે લાલાશ લાલરંગના ભૂકાની, હિંગળાની કે કંકુની લાલાશ જેવી નથી; લાલ દશા વખતે પણ સામર્થ્યરૂપ નિર્મળતા મોજૂદ છે. તેવી રીતે આત્મા કર્મના નિમિત્તે શુભભાવરૂપ કે અશુભભાવરૂપ થાય છે ત્યારે પણ શુદ્ધતા સર્વથા નષ્ટ થઈ ગઈ નથી, સામર્થ્ય-અપક્ષાએ—શક્તિ-અપેક્ષાએ તે શુદ્ધ રહ્યો છે; તે શુભાશુભભાવરૂપે અવશ્ય પરિણમ્યો છે, તે શુભાશુભપણું આત્માનું જ છે, કર્મનું બિલકુલ નહિ; પરંતુ શુભાશુભ દશા વખતે પણ સામર્થ્યરૂપ શુદ્ધતા મોજૂદ છે. જેવી રીતે સ્ફટિકમણિને લાલ થયેલો દેખીને બાળક રડવા માંડે કે 'અરેરે! મારો સ્ફટિક-મણિ સર્વથા મેલો થઈ ગયો' પરંતુ ઝવેરી લાલાશ સમયે જ મોજૂદ રહેલી નિર્મળતાને મુખ્યતાપૂર્વક જાણતો હોવાથી તે નિર્ભય રહે છે, તેવી રીતે આત્માને શુભાશુભભાવરૂપે પરિણમતો દેખીને અજ્ઞાની તેને સર્વથા મેલો થઈ ગયેલો માનીને દુઃખી-દુઃખી થઈ જાય છે પરંતુ જ્ઞાની શુભાશુભપણા સમયે જ મોજૂદ રહેલી શુદ્ધતાને મુખ્યતાપૂર્વક જાણતો હોવાથી તે નિર્ભય રહે છે.

સામર્થ્ય કહો, શક્તિ કહો, સામાન્ય કહો, જ્ઞાયક કહો, ધ્રુવત્વ કહો, દ્રવ્ય કહો કે પરમપારિણામિક ભાવ કહો—એ બધાં એકાર્થ છે એમ ગુરુદેવ ફરમાવતા.

આત્મા 'ભવિષ્યમાં' સર્વજ્ઞ થશે, સંપૂર્ણ સુખી થશે, નિર્વિકારી થશે એમ નહિ, પણ 'અત્યારે જ' તે સામર્થ્ય-અપેક્ષાએ વિજ્ઞાનઘન છે, અનંતાનંદનો પિંડ છે, નિર્વિકારી છે, જેનો જ્ઞાનીને સ્પષ્ટ સાનુભવ ખ્યાલ હોય છે. ગુરુદેવ ફરમાવતા કે—'तेरो सरूप न दुंदकी दोहीमें, तोहीमें है तोहि सूझत नांही'. તારું સ્વરૂપ રાગદ્વેષાદિ દ્વંદ્વની દુવિધામાં નથી, અત્યારે જ રાગદ્વેષ રહિત છે; તેની સૂઝથી જ મોક્ષમાર્ગ શરૂ થાય છે. તેની સૂઝ વિના તું સંસારમાં પરિભ્રમણ કરે છે.

એક વાર રાત્રિચર્ચામાં કોઈએ આ જ પ્રશ્ન પૂછ્યો હતો કે શુભાશુભ પર્યાય વખતે પણ પરિપૂર્ણ ભરચક શુદ્ધતા કેમ સંભવે? ગુરુદેવે ઉત્તર આપ્યો હતો કે 'ભિન્નભિન્ન વિશેષો વખતે પણ સામાન્ય તો એકરૂપ જ રહેલું જોવામાં આવે છે; તે સમજાવવા પંચાધ્યાયીમાં ઘણાં દૃષ્ટાંતો આપ્યાં છે'. તે દૃષ્ટાંતો યાદ કરવા ગુરુદેવ

પ્રયત્ન કરતા હતા ત્યાં સભામાંથી કોઈ ભાઈ તે શ્લોક બોલ્યા: सन्त्यनेकेत्र दृष्टान्ता हेमपद्मजलाऽनलाः । आदर्शस्फटिकाश्मानौ बोधवारिधिसैंधवाः ॥ શ્લોક સાંભળી ગુરુદેવને પ્રસન્નતા થઈ, અને સોનું, કમળ, જળ, અગ્નિ, અરીસો, સ્ફટિકમણિ, જ્ઞાન, સમુદ્ર અને લવણનાં દૃષ્ટાંતો દ્વારા, વિશેષ-અપેક્ષાએ થતી અશુદ્ધતા વખતે પણ સામાન્ય-અપેક્ષાએ રહેતી દ્રવ્યની શુદ્ધતા સમજાવી. ગુરુદેવે ફરમાવ્યું કે દ્રવ્ય-અપેક્ષાએ અત્યારે શુદ્ધતા વિદ્યમાન ન હોય તો કોઈ કાળે પર્યાયશુદ્ધતા થાય જ નહિ. સભાજનોને આનંદ થયો.

પૂજ્ય ગુરુદેવનું અંતર સદા 'જ્ઞાયક-જ્ઞાયક-જ્ઞાયક, ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ, શુદ્ધ-શુદ્ધ-શુદ્ધ, પરમપારિણામિકભાવ' એમ ત્રિકાળિક જ્ઞાયકના આલંબનભાવે નિરંતર—જાગૃતિમાં કે નિદ્રામાં—પરિણમી રહ્યું હતું. શ્રી સમયસાર, નિયમસાર વગેરેનાં પ્રવચનો કરતાં કે ચર્ચાવાર્તા દરમ્યાન તેઓ જ્ઞાયકના સ્વરૂપનું અને તેના મહિમાનું મધુર સંગીત ગાયા જ કરતા હતા. અહો! એ સ્વતંત્રતાના ને જ્ઞાયકના ઉપાસક ગુરુદેવ! તેમણે મોક્ષાર્થીઓને સાચો મુક્તિનો રાહ બતાવ્યો!

જ્ઞાયક તણી વાર્તા કરે, જ્ઞાયક તણી દૃષ્ટિ ધરે,
નિજદેહ-અણુઅણુમાં અહો! જ્ઞાતૃત્વરસ ભાવે ભરે;
જ્ઞાયકમહીં તન્મય બની જ્ઞાતૃત્વને ફેલાવતા,
કાયા અને વાણી-હૃદય જ્ઞાતૃત્વમાં રેલાવતા.

—આવા જ્ઞાયકોપાસક હતા આપણા ગુરુદેવ.

તેઓશ્રી દ્રવ્ય-અપેક્ષાએ 'સિદ્ધસમાન સદા પદ મેરો' એમ અનુભવતા હતા તોપણ પર્યાય-અપેક્ષાએ 'અમે કયારે સિદ્ધપણું પ્રગટ કરીએ!' એમ ભાવના પણ ભાવતા હતા. સિદ્ધપણાની તો શું, પણ સંયમની ભાવનારૂપે પણ તેઓ પરિણમતા હતા. 'કલ્પવૃક્ષ સમ સંયમ કેરી અતિ શીતળ જ્યાં છાયા જી, ચરણકરણગુણધાર મહામુનિ મધુકર મન લોભાયા જી' એમ અનેક વાર ભાવવિભોર લલકારથી પ્રવચનમાં વિવિધ પ્રકારે સંયમની ભાવના ભાવતા ગુરુદેવની પાવન મૂર્તિ મારી નજર સમક્ષ તરે છે.

'સિદ્ધસમાન પોતાને પૂર્ણ શુદ્ધ દેખે-માને છતાં સંયમની ભાવના ભાવે!' હા, શક્તિ-અપેક્ષાએ પરિપૂર્ણ શુદ્ધ પોતાને દેખતા-માનતા હોવા છતાં વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ થવાની જ્ઞાનીને ભાવના અવશ્ય હોય છે. ગુરુદેવ આવી શાસ્ત્રોક્ત યથાર્થ સંધિબદ્ધ સમ્યક્ પરિણતિએ પરિણમી રહ્યા હતા. ખરેખર તો શુદ્ધસ્વરૂપના દ્રષ્ટા સમ્યગ્દૃષ્ટિ જીવને જ સાચી સંયમની ભાવના હોય છે, કારણ કે તે સંયમપરિણતિનું સાચું સ્વરૂપ જાણે છે. મિથ્યાદૃષ્ટિને સાચી સંયમની ભાવના હોતી જ નથી, કારણ કે તેને સાચા સંયમની ખબર નથી.

'બહેનશ્રીનાં વચનામૃત'ના ૩૮૦ મા બોલમાં કહ્યું છે કે:—'જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી'. જેમ પૂજ્ય ગુરુદેવ શક્તિ-અપેક્ષાનો આ બોલ વારંવાર ઉલ્લાસ-પૂર્વક યાદ કરતા, તેમ વ્યક્તિ-અપેક્ષાનો, સિદ્ધત્વ પ્રાપ્ત કરવાની ભાવનાનો ૪૦૧ મો બોલ પણ અનેક વાર ઉલ્લસિતભાવે યાદ કરી પ્રસન્નતાથી કહેતા:—જુઓ! બેન કેવી ભાવના ભાવે છે? 'આ વિભાવભાવ અમારો દેશ નથી. આ પરદેશમાં અમે કયાં આવી ચડયા?......અમે હવે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારાં છે.'

આવું, અનેકાન્તસુસંગત યથાર્થ સંધિવાળું ગુરુદેવનું જીવન આજે પણ આપણને સાચો માર્ગ ચીંધી રહ્યું છે. તે પવિત્ર જીવન આપણને કોઈ પણ શુભ ભાવોમાં નહિ સંતોષાઈ જતાં ધ્રુવ તત્ત્વના આલંબનના પુરુષાર્થની મૂક પ્રેરણા આપી રહ્યું છે; વળી 'હું ધ્રુવ છું'એવી દૃઢતાની સાથે સાથે 'અમે અમારા મૂળ વતનમાં જવા તલસીએ છીએ' એવી ભીનાશ પણ રહેવી જોઈએ, નહિ તો 'ધ્રુવ તત્ત્વ'ની સમજણના પ્રકારમાં જ કાંઈક ભૂલ છે એમ ચેતવી, દીવાદાંડીરૂપ રહી, આપણી જીવનનૌકાને ખરાબાવાળા માર્ગેથી બચાવી લઈ, આપણને સાચા માર્ગે દોરે છે. ગુરુદેવનું પવિત્ર જીવન આ રીતે આપણને પરોક્ષપણે પણ પરમ ઉપકારક થઈ રહ્યું છે.

તદુપરાંત ગુરુદેવનાં ટેઇપ-પ્રવચનો તો જાણે કે ગુરુદેવ પ્રત્યક્ષપણે કરુણાપૂર્વક ઉપદેશ આપી રહ્યા હોય એવો ભાવ ઉત્પન્ન કરી મુમુક્ષુહૃદયોને તૃપ્ત-તૃપ્ત કરે છે અને કંઈક અંશે ગુરુદેવના વિરહને ભુલાવે છે. ગુરુદેવનાં પુસ્તકારૂઢ પ્રવચનો પણ આપણને સમ્યક્ વસ્તુસ્વરૂપ સમજવામાં અને નિજકલ્યાણ કરી લેવાની પ્રેરણા મેળવવામાં અતિ ઉપકારક થાય છે.

આ પ્રમાણે આપણા ઉપર જેમના અનેક પ્રકારના અવર્ણનીય ઉપકારો વર્તી રહ્યા છે એવા આપણા પરમ-ઉપકારી, આપણું જીવન ઘડનાર, નિષ્કારણ-કરુણાશીલ ગુરુદેવને આજના માંગલિક પ્રસંગે આપણાં ઉપકૃતભાવભીનાં વંદન હો.

ઉપકારી ગુરુ પદ જહાં ધરેં, જગમેં તીરથ જેહ,
સો રજ મમ મસ્તક ચઢો, સેવક માંગે એહ;
—તે ગુરુ મેરે મન બસો.

—હિંમતલાલ જેઠાલાલ શાહ, સોનગઢ

—o—

હર્ષોલ્લાસ પૂર્વક સોનગઢમાં ઉજવાયેલો

# ૯૩ મો ગુરુ-જન્મ-જયંતી-મહોત્સવ

જેમના વિશે પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રીએ "પરમાગમસાર" માં પોતાના પવિત્ર કરકમળ દ્વારા લખેલ છે કે 'હે ગુરુદેવ! આપે એકાકી, નિસ્પૃહ અને નીડરપણે અંતરમાં પુરુષાર્થ કરી આત્મરત્નને પ્રગટ કરી ભારતના જીવોને તે સમ્યક્ માર્ગે નિઃસ્પૃહપણે અને નીડરપણે આપના પરાક્રમથી વાળ્યા છે, શાસ્ત્રનાં ને આત્મદેવનાં ઊંડાં સૂક્ષ્મ હાર્દ પ્રકાશ્યાં છે; ઉપાદાન–નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાતા, કર્તા, અકર્તા સ્વાનુભૂતિની નિર્વિકલ્પદશા વગેરે ચૈતન્યની અદ્ભુતતા વાણી દ્વારા પ્રકાશ કરી લાખો જીવોને અંતર્દૃષ્ટિનો માર્ગ બતાવ્યો છે, તે પંથે વાળ્યા છે. આપ ભારતની મહાન વિભૂતિ અને અજોડ રત્ન હતા.'—એવા અપાર કરુણાસાગર આપણા જીવનશિલ્પી પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૩ મી મંગલ જન્મજયંતી સોનગઢમાં હર્ષોલ્લાસપૂર્વક ઉજવાઈ હતી. વૈશાખ સુદ બીજના આ માંગલિક પ્રસંગને સ્થાનિક તેમજ દેશભરમાંથી અનેક સ્થળેથી આવેલા મુમુક્ષુઓ સહિત લગભગ બે હજાર મુમુક્ષુઓએ ઉજવેલો હતો.

તા. ૨૧–૪–૮૨ થી તા. ૨૫–૪–૮૨ સુધી રાખવામાં આવેલા આ પાંચ દિવસના મહોત્સવ માટે મુમુક્ષુઓમાં ઘણો ઉત્સાહ જણાતો હતો. મહોત્સવ શરૂ થયા પહેલાં જ મહેમાનો સોનગઢ આવવા લાગ્યા હતા. શરૂઆતથી જ આ મંગલ જન્મજયંતી મહોત્સવ માટે ઉલ્લાસ વર્તી રહ્યો હતો. જન્મજયંતીની આમંત્રણ પત્રિકાનું વિમોચન માનનીય મુરબ્બી પ્રમુખ શ્રી રામજીભાઈ દોશીના સુહસ્તે જયજયકારના નાદ સહિત કરવામાં આવ્યું હતું. તેમજ બ્ર. શ્રી ચંદુભાઈએ સભામાં આમંત્રણ પત્રિકા વાંચી સંભળાવેલ હતી. દરવર્ષ કરતાં વિશેષરૂપે શ્રી સ્વાધ્યાયમંદિર, જિનમંદિર, પરમાગમમંદિર અને માનસ્થંભ વિદ્યુત–રોશનીથી સુશોભિત કરવામાં આવ્યા હતા. તેમ જ જે સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ ૪૨-૪૨ વર્ષ સુધી આવાસ કર્યો હતો તે સ્વાધ્યાયમંદિર અને તેમાં પણ પૂજ્ય ગુરુદેવશ્રીનો રૂમ વિશેષ રીતે સુશોભિત કરવામાં આવ્યો હતો.

૯૩ મા ગુરુ-જન્મ-જયંતી મહોત્સવના ઉપલક્ષમાં શ્રી પંચપરમેષ્ઠિ–વિધાન-મંડલ-પૂજા રાખવામાં આવી હતી. રોજ સવારે સમૂહ પૂજા બાદ પરમ કૃપાળુ ગુરુદેવ સદા સાક્ષાત્ હોવાની પ્રતીત કરાવતું તેઓશ્રીનું આધ્યાત્મિક ટેપ-રેકોર્ડિંગ પ્રવચન રાખવામાં આવતું, જે સાંભળતી વખતે મુમુક્ષુઓને તેઓશ્રીની દિવ્યવાણીની સાથેસાથ પ્રમોદકારી ચેષ્ટાઓ પણ નજરે તરવતી હતી. રોજ સવારના ટેપ–

પ્રવચન બાદ બ્રહ્મચારી બહેનો ગુરુ-જન્મ-મંગલ-વધામણાના ભક્તિગીતો ગાતા હતા. બપોરે વિદ્વાન પં. શ્રી લાલચંદભાઈ મોદીનું શાસ્ત્ર-પ્રવચન થતું હતું. ત્યારબાદ પંડિત શ્રી હિંમતભાઈ દ્વારા રોજ જિનેન્દ્રભક્તિ કરાવવામાં આવતી હતી. સાંજે ૭ થી ૭ાા શ્રી સ્વાધ્યાય મંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય ફોટા સમક્ષ ગુરુભક્તિની ધૂન મચતી હતી. ભાઈઓ તથા બહેનો ગુરુભક્તિના આ કાર્યક્રમમાં પણ બહુ ઉત્સાહથી ભાગ લેતા હતા. ત્યાર બાદ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનો સાક્ષાત્કાર કરાવતું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપરનું ટેપ-રેકોર્ડિંગ પ્રવચન રાખવામાં આવતું, જે વડે આત્મપ્રાપ્તિનો સરળ ઉપાય સમજવા મળવા ઉપરાંત ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રીની અંતરંગ દશાનો મહિમા પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી સાંભળવા મળતો હતો. ટેપ-પ્રવચન બાદ પં. શ્રી ડૉ. પ્રવિણભાઈ દોશીનું શાસ્ત્ર–પ્રવચન રાખવામાં આવતું હતું.

વૈશાખ સુદ બીજ, રવિવાર, તા. ૨૫–૪–૮૨ના રોજ વહેલી સુપ્રભાતે મંગલ જન્મ-મહોત્સવના પ્રતીકરૂપે મંગલ પ્રભાતફેરી ગામમાં ફરી હતી. આ પ્રભાતફેરીમાં ધર્મચક્રની મોટર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીની ભવ્ય મુખમુદ્રાવાળા ફોટાને બિરાજમાન કરીને, જન્મ-મંગલ-વધાઈના ભક્તિગીતો ગાતાં–ગાતાં ગામમાં ફરીને, પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિવાસસ્થાન પાસે આવતાં, તેઓશ્રીની નાદુરસ્ત તબિયત હોવા છતાં બહાર પધારીને ભક્તિથી દર્શન કર્યાં હતા. આ પ્રભાતફેરીમાં સમસ્ત મુમુક્ષુ ભાઈ–બહેનોએ ઉલ્લાસપૂર્વક ભાગ લીધો હતો. મંગલ-જન્મ વધામણાના ગીતો ગાતાં–ગાતાં પ્રભાતફેરી ગામમાં ફરીને શ્રી પરમાગમમાં સભાના રૂપમાં ફેરવાઈ ગઈ હતી. પરમાગમમાં પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય ફોટા સમક્ષ સમસ્ત મુમુક્ષુ ભાઈ–બહેનો માંગલિક સાંભળવા એકચિત્ત બેસી ગયા હતા. ટેપ–રેકોર્ડિંગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી માંગલિક સાંભળતાં મુમુક્ષુઓ ધન્યતા અનુભવી રહ્યા હતા. ત્યારબાદ ગુરુદેવશ્રી સમક્ષ 'શ્રીસદ્‌ગુરુદેવ–સ્તુતિ' સમૂહમાં ગાઈને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો, અને પૂજ્ય બેને એક ગુરુભક્તિ કરાવી હતી. ત્યારબાદ શ્રી પંચપરમેષ્ઠી–મંડલ-વિધાન-પૂજા જિનમંદિરમાં કરવામાં આવી હતી. સમૂહ પૂજા બાદ શ્રી પરમાગમ મંદિરમાં ઘાટકોપરની ભજન મંડળી દ્વારા ભક્તિ કાર્યક્રમ ચાલતો હતો. બરાબર ૮ા થી ૯ા પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનો સિંહનાદ ગજવતું સમયસાર ઉપરનું ટેપ–રેકોર્ડિંગ પ્રવચન થયું હતું. પ્રવચન બાદ સમસ્ત સમાજ વતી પં. શ્રી હિંમતભાઈ જે. શાહે પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ શ્રદ્ધાંજલિ–ભાષણ કર્યું હતું. બપોરે ૩ થી ૪ વિદ્વાન પં. શ્રી લાલચંદભાઈ મોદીનું શાસ્ત્ર–પ્રવચન થયું હતું. પ્રવચન બાદ ઘાટકોપરની ભજન મંડળી દ્વારા જિનેન્દ્રભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સાંજે શ્રી સ્વાધ્યાયમંદિરમાં ગુરુભક્તિના કાર્યક્રમમાં ગુરુ-ઉપકાર-મહિમાની ભક્તિની ખૂબ ધૂન મચી હતી—અત્યંત ભક્તિભાવે ભક્તિ કરી હતી. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીનું

પ્રવચન બાદ બ્રહ્મચારી બહેનો ગુરુ-જન્મ-મંગલ-વધામણાના ભક્તિગીતો ગાતા હતા. બપોરે વિદ્વાન પં. શ્રી લાલચંદભાઈ મોદીનું શાસ્ત્ર-પ્રવચન થતું હતું. ત્યારબાદ પંડિત શ્રી હિંમતભાઈ દ્વારા રોજ જિનેન્દ્રભક્તિ કરાવવામાં આવતી હતી. સાંજે ૭ થી ૭ાા શ્રી સ્વાધ્યાય મંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય ફોટા સમક્ષ ગુરુભક્તિની ધૂન મચતી હતી. ભાઈઓ તથા બહેનો ગુરુભક્તિના આ કાર્યક્રમમાં પણ બહુ ઉત્સાહથી ભાગ લેતા હતા. ત્યાર બાદ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનો સાક્ષાત્કાર કરાવતું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપરનું ટેપ-રેકોર્ડિંગ પ્રવચન રાખવામાં આવતું, જે વડે આત્મપ્રાપ્તિનો સરળ ઉપાય સમજવા મળવા ઉપરાંત ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રીની અંતરંગ દશાનો મહિમા પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી સાંભળવા મળતો હતો. ટેપ-પ્રવચન બાદ પં. શ્રી ડૉ. પ્રવિણભાઈ દોશીનું શાસ્ત્ર-પ્રવચન રાખવામાં આવતું હતું.

વૈશાખ સુદ બીજ, રવિવાર, તા. ૨૫-૪-૮૨ના રોજ વહેલી સુપ્રભાતે મંગલ જન્મ-મહોત્સવના પ્રતીકરૂપે મંગલ પ્રભાતફેરી ગામમાં ફરી હતી. આ પ્રભાતફેરીમાં ધર્મચક્રની મોટર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીની ભવ્ય મુખમુદ્રાવાળા ફોટાને બિરાજમાન કરીને, જન્મ-મંગલ-વધાઈના ભક્તિગીતો ગાતાં-ગાતાં ગામમાં ફરીને, પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિવાસસ્થાન પાસે આવતાં, તેઓશ્રીની નાદુરસ્ત તબિયત હોવા છતાં બહાર પધારીને ભક્તિથી દર્શન કર્યાં હતા. આ પ્રભાતફેરીમાં સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોએ ઉલ્લાસપૂર્વક ભાગ લીધો હતો. મંગલ-જન્મ વધામણાના ગીતો ગાતાં-ગાતાં પ્રભાતફેરી ગામમાં ફરીને શ્રી પરમાગમમાં સભાના રૂપમાં ફેરવાઈ ગઈ હતી. પરમાગમમાં પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય ફોટા સમક્ષ સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનો માંગલિક સાંભળવા એકચિત્ત બેસી ગયા હતા. ટેપ-રેકોર્ડિંગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી માંગલિક સાંભળતાં મુમુક્ષુઓ ધન્યતા અનુભવી રહ્યા હતા. ત્યારબાદ ગુરુદેવશ્રી સમક્ષ 'શ્રીસદ્‌ગુરુદેવ-સ્તુતિ' સમૂહમાં ગાઈને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો, અને પૂજ્ય બેને એક ગુરુભક્તિ કરાવી હતી. ત્યારબાદ શ્રી પંચપરમેષ્ઠી-મંડલ-વિધાન-પૂજા જિનમંદિરમાં કરવામાં આવી હતી. સમૂહ પૂજા બાદ શ્રી પરમાગમ મંદિરમાં ઘાટકોપરની ભજન મંડળી દ્વારા ભક્તિ કાર્યક્રમ ચાલતો હતો. બરાબર ૮ા થી ૯ા પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનો સિંહનાદ ગજવતું સમયસાર ઉપરનું ટેપ-રેકોર્ડિંગ પ્રવચન થયું હતું. પ્રવચન બાદ સમસ્ત સમાજ વતી પં. શ્રી હિંમતભાઈ જે. શાહે પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ શ્રદ્ધાંજલિ-ભાષણ કર્યું હતું. બપોરે ૩ થી ૪ વિદ્વાન પં. શ્રી લાલચંદભાઈ મોદીનું શાસ્ત્ર-પ્રવચન થયું હતું. પ્રવચન બાદ ઘાટકોપરની ભજન મંડળી દ્વારા જિનેન્દ્રભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સાંજે શ્રી સ્વાધ્યાયમંદિરમાં ગુરુભક્તિના કાર્યક્રમમાં ગુરુ-ઉપકાર-મહિમાની ભક્તિની ખૂબ ધૂન મચી હતી—અત્યંત ભક્તિભાવે ભક્તિ કરી હતી. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીનું

ટેપ-પ્રવચન અને પ્રવચન બાદ પં. શ્રી ડૉ. પ્રવિણભાઈ દોશીનું શાસ્ત્ર-પ્રવચન થયું હતું.

* આ વખતે પ્રથમથી જ ૯૩ મી જન્મ-જયંતી માટે ગામે ગામના મુમુક્ષુઓમાં ઘણો ઉત્સાહ હતો. દેશભરના વિભિન્ન સ્થાનેથી ગુરુભક્ત મુમુક્ષુઓ સોનગઢ આવ્યા હતા અને નહીં આવી શકનાર પ્રમુખ વ્યક્તિઓએ તાર દ્વારા પોતાની ભક્તિ-વ્યક્ત કરતા સંદેશાઓ મોકલ્યા હતા.

* ગામો ગામથી મુમુક્ષુઓ આવવા ઉપરાંત મલાડ [ મુંબઈ ] થી શ્રી ચીમનભાઈ મોદીના નિર્દેશન નીચે ચાર-ચાર સ્પેશીયલ બસ આવી હતી. મુંબઈ-મલાડથી નીકળીને ૨૦૦ મુમુક્ષુઓ અંકલેશ્વર, સજોત, સૂરત, વડોદરા, અમદાવાદ, સુરેન્દ્રનગર, જોરાવરનગર, વઢવાણ, પાલેજ, હિંમતનગર, લીંબડી, રાણપુર, બોટાદ, વીંછીયા, ઉમરાળા, તારંગા, ઈડર, ગઢડા આદિ જે જે ગામમાં આપણા મુમુક્ષુ મંડળો હોય ત્યાં જિનમંદિરના દર્શન કરતાં કરતાં સોનગઢ આવ્યા હતા. દરેક મુમુક્ષુ મંડળે યાત્રાસંઘના આ ૨૦૦ મુમુક્ષુઓ પ્રત્યે અત્યંત પ્રમોદ અને વાત્સલ્યભાવ બતાવ્યો હતો.

* શ્રી સમયસાર ગાથા ૧૭/૧૮ ઉપર નાઈરોબીમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ આપેલ પ્રવચનની વીડીયો-ટેપ-ફિલ્મ વૈશાખ સુદ એકમના રોજ સાંજે બતાવવામાં આવેલ હતી.

* પાંચ દિવસીય મહોત્સવ દરમિયાન મહેમાન મુમુક્ષુઓને સ્વામીવાત્સલ્ય ભોજન આપવાનો લાભ નીચે મુજબના વાત્સલ્યપ્રેમી મુમુક્ષુઓને મળ્યો હતો.

૧. શ્રી કેશવલાલ વ્રજલાલ કોઠારી મુંબઈવાળા, વૈશાખ સુદ ૨
૨. ,, કાંતિલાલ રામજીભાઈ મોટાણી મુંબઈવાળા, વૈશાખ સુદ ૨
૩. ,, હિંમતલાલ છોટાલાલ જોબાળિયા સોનગઢ
૪. ,, વૃજલાલ મગનલાલ શાહ જલગાંવ
૫. સ્વ. શ્રી લહેરીબેન ભાઈલાલ બરવાળાવાળા
૬. શ્રી લીલાબેન ધીરજલાલ બોરડીયા મુંબઈ
૭. ,, પોપટલાલ છગનલાલ શાહ લીંબડીવાળા
૮. ,, તારાબેન કપૂરચંદ કોઠારી તથા ચંપાબેન ગોસળીયા, ચૂડાવાળા
૯. ,, ત્ર્યંબકલાલ હિંમતલાલ ઘડીયાળી તથા શારદાબેન રમણીકલાલ સુરેન્દ્રનગર
૧૦. ,, જયાલક્ષ્મીબેન હરીલાલ પારેખ પાલનપુરવાળા

તે ઉપરાંત વૈશાખ સુદ એકમના રોજ સવારના સ્થાનિક મુમુક્ષુઓને સ્વામીવાત્સલ્ય ભોજન આપવાનો લાભ જીજીબેન બેચરદાસ મોદી [ સોનગઢ ] હસ્તે શ્રી મોહનલાલ બેચરદાસ મોદી [ મુંબઈ ] ને તેમ જ સાંજનો લાભ શ્રી ભોગીલાલ ચત્રભુજ દોશી [ ઘાટકોપર ] ને મળ્યો હતો.

સ્વામીવાત્સલ્ય ભોજન આપવાની સ્કીમ મોડેથી નક્કી થતાં ઘણાને મોડેથી ખબર પડવાથી પોતાને લાભ ન મળી શકયો તેમ થયું હતું—અર્થાત્ આ સ્કીમ માટે મુમુક્ષુઓએ બહુ ઉત્સાહ બતાવ્યો હતો. તેથી આગામી શિક્ષણ–શિબિર અને ૯૯ મા જન્મ-જયંતી મહોત્સવ માટે પણ આવી જ સ્કીમ નક્કી કરેલ છે.

* આ શુભ પ્રસંગે શ્રી રતીલાલ પ્રાગજી મહેતા, શ્રી નંદલાલ પ્રાગજી મહેતા તથા છબલબેન કેશવલાલ ભડકવાવાળા તરફથી શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાન પૂજા રાખવામાં આવી હતી.

* ૯૩ મી જન્મ જયંતીના ઉપલક્ષમાં શ્રી કુંદકુંદકહાન દિ. જૈન તીર્થસુરક્ષા ટ્રસ્ટ તરફથી વૈશાખ સુદ બીજના દિવસ માટે ગુજરાતી, હિન્દી, મરાઠી, મદ્રાસી, કન્નડ ભાષાનાં આત્મધર્મના આજીવન સભ્ય બનનાર માટે રૂા. ૧૦૧/=ને બદલે રૂા. ૭૬/= જાહેર કરવામાં આવેલ હતા.

* શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ દ્વારા [ ગુજરાતી આત્મધર્મ અંક નં. ૩૮૫ પછીના અંકોમાંથી, અધ્યાત્મ પ્રણેતામાંથી તેમજ સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદમાંથી ] પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૦૦૮ વચનામૃતોના સંગ્રહરૂપે "પરમાગમસાર" પુસ્તકનું, તેમજ પ્રવચન–રત્નાકર ભાગ–૯નું તેમજ શ્રી પ્રવચનસાર ગા. ૧૧૪ ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના ચાર પ્રવચનોમાંથી તૈયાર કરેલ "અદ્વિતીય ચક્ષુ" પુસ્તકનું પ્રકાશન માનનીય મુરબ્બી પ્રમુખ શ્રી રામજીભાઈ દોશીના સુહસ્તે કરવામાં આવેલ.

* મહોત્સવના પાંચ દિવસ માટે સ્વ. શ્રી કમળાબેન અમૃતલાલ મેઘાણીના સ્મરણાર્થે પુસ્તકોનું વેચાણ ૨૦ ટકા કન્સેશનથી રાખવામાં આવ્યું હતું. તેમ જ છેલ્લા ત્રણ દિવસ માટે શ્રી કુંદકુંદ કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ તરફથી પ્રવચન રત્નાકર ભાગ ૧ થી ૬ તથા હિન્દી ભાગ–૧નું રૂપિયા પાંચની કિંમતે વેચાણ રાખવામાં આવ્યું હતું.

* આ મહોત્સવ દરમિયાન રોજ બપોરે વિદ્વાન પં. શ્રી લાલુભાઈ મોદીના તેમજ રાત્રે પં. ડૉ. પ્રવિણભાઈ દોશીના શાસ્ત્ર પ્રવચન થયા હતા. વૈશાખ સુદ એકમના રોજ બપોરે ૧ાા થી ૨ાા પં. શ્રી જ્ઞાનચંદજી વિદિશાનું શાસ્ત્ર–પ્રવચન થયું હતું.

* ઉપરોક્ત દરેક કાર્યક્રમોમાં ૯૯ વર્ષની વયોવૃદ્ધ અવસ્થામાં માનનીય પ્રમુખ શ્રી રામજીભાઈ દોશીની નિયમિત સમયસરની હાજરી સૌને પ્રેરણારૂપ ને ઉત્સાહરૂપ બની હતી.

* —ઇત્યાદિ અનેકવિધ કાર્યક્રમો દ્વારા ૯૩ મો જન્મજયંતી મહોત્સવ હર્ષોલ્લાસ પૂર્વક ઉજવાયો હતો.

* પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૯ મી જન્મજયંતી પાંચ દિવસના મહોત્સવ પૂર્વક ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે.

* શ્રાવણ માસની શિક્ષણ શિબિર દસ દિવસ માટે રાખવાનું જાહેર કરવામાં આવેલ છે જે ૯૯ મી જન્મજયંતી મહોત્સવના દિવસે પૂરી થશે.

* શ્રાવણ વદ એકમના રોજ આપણી સંસ્થાના સ્થાપક અને માનનીય મુરબ્બી પ્રમુખ શ્રી રામજીભાઈ દોશીના ૧૦૦ મા વર્ષમાં પ્રવેશનો શતાબ્દિ સમારોહ ઉજવવામાં આવશે. આ પ્રસંગના ચિરસ્મરણરૂપે એક ગ્રંથમાળાની રચના કરવામાં આવશે અને તે માટે એક મોટું ફંડ એકત્રિત કરીને તેમાંથી મૂળ પરમાગમ શાસ્ત્રો પ્રકાશિત કરવામાં આવશે.

* ૯૯ મી જન્મજયંતી મહોત્સવના પાંચ દિવસ અને શિક્ષણ શિબિરના પાંચ દિવસ—એમ કુલ ૧૦ દિવસ માટે ૯૩ મી જન્મજયંતી મહોત્સવની માફક સ્વામીવાત્સલ્ય ભોજનની સ્કીમ જાહેર કરવામાં આવેલ છે. સ્વામીવાત્સલ્ય ભોજનની આ સ્કીમ મુજબ ૯૯ મી જન્મજયંતી દિન—શ્રાવણ વદ બીજના પ્રત્યેક ટંકના રૂપિયા પાંચ હજાર (બે ટંકના રૂા. દસ હજાર) તથા બાકીના બધા દિવસો માટે પ્રત્યેક ટંકના રૂા. બે હજાર આપનાર વાત્સલ્યપ્રેમી દાતાર તરફથી મહેમાનોને જમણ આપવામાં આવશે. તેમજ રૂપિયા પાંચ સો આપનાર દાતાર તરફથી મહેમાનોને સવારનો ચા—નાસ્તો આપવામાં આવશે. તેમજ મહેમાનોને સ્વામીવાત્સલ્ય ભોજન આપવાનો લાભ લેવા ઇચ્છતા દાતારનું નામ શિક્ષણ-શિબિર અને જન્મજયંતી આમંત્રણ-પત્રિકામાં છાપવામાં આવશે. માટે આ સ્કીમનો લાભ લેવા ઇચ્છતા વાત્સલ્યપ્રેમી બંધુઓએ તુરત જાણ કરવી જેથી આમંત્રણ-પત્રિકામાં તેમના નામનો સમાવેશ થઈ શકે.

—ઉપરોક્ત સ્કીમની જાહેરાત થતાં જ શ્રાવણ વદ બીજના બન્ને ટંકનાં જમણ શ્રી હીરાલાલ ભીખાલાલ દહેગામવાળા તરફથી તેમજ બીજા પાંચ ટંકનું જમણ શ્રી જગજીવનદાસ ચતુરભાઈ સુરેન્દ્રનગર, શ્રી મીઠાભાઈ મગનભાઈ હિંમતનગર, શ્રી ઉમેદલાલ ગોકુળદાસ હસ્તે નિર્મળાબેન રાજકોટ, શ્રી પ્રાણલાલ હરજીવનદાસ પોરબંદર, શ્રી ભાયલાલ ઘેલાભાઈ શાહ હસ્તે બ્ર. સુમિત્રાબેન તરફથી નોંધાયા હતા.

* દાદર [મુંબઈ], કલકત્તા, દિલ્હી, ખંડવા આદિ દેશભરના મુમુક્ષુ મંડળોએ વૈશાખ સુદ બીજના રોજ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકાર મહિમાને સ્મરણ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમજ અનેકવિધ કાર્યક્રમો દ્વારા જન્મજયંતી ઉજવી હતી.

---

( મુંબઈમાં આધ્યાત્મિક શિક્ષણ શિબિર............પાનું ૨૭થી ચાલુ. )

અન્ય પ્રસંગે પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનના બોધદાયક અનેક પ્રસંગોને, તેઓશ્રીના અસીમ ઉપકારને યાદ કરવા—કરાવવાથી **ગુરુની અધિકતા ને પોતાની લઘુતાના ભાવે વડે** આત્માર્થીઓને વિશેષરૂપે આત્માર્થનું પોષણ મળે છે અને આત્મસાધના વૃદ્ધિ પામે છે.

૮. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિ હોવાથી દરેક ગામના મંડળોએ પોતાના સ્વાધ્યાયમંદિર—સ્વાધ્યાયસ્થાનમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એક ભવ્ય વિશાળ ફોટો બિરાજમાન કરવો અત્યંત જરૂરી ગણાય. *—*

## * મુંબઈમાં આધ્યાત્મિક શિક્ષણશિબિર સાનંદ સંપન્ન *

પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વર્ગવાસ બાદ પ્રથમ વાર જાહેરમાં તા. ૧-૫-૮૨ થી તા. ૧૦-૫-૮૨ સુધી આધ્યાત્મિક શિક્ષણશિબિર રાખવામાં આવ્યો હતા, જેમાં લગભગ ૨૦૦ મહેમાનો બહારગામથી આવ્યા હતા. વિદ્વાન ભાઈ શ્રી લાલચંદભાઈ મોદી, પં. શ્રી નેમીચંદજી પાટણી, ડૉ. શ્રી હુકમચંદજી ભારિલ્લ તેમ જ પં. શ્રી જ્ઞાનચંદજીના આધ્યાત્મિક પ્રવચનો થયા હતા. પૂ. બેન તેમજ આદરણીય મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીની હાજરીથી ઉત્સાહમાં વધારો થયો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીનો દેહવિલય મુંબઈમાં થયો હોવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનું એક ભવ્ય સ્મારક મુંબઈમાં રચવાની જાહેરાત થતાં શ્રી એમ. કે. ગાંધીએ [લંડન] રૂા. ૧,૧૧,૧૧૧ ની જાહેરાત કરી હતી. શિક્ષણશિબિરના કાર્યક્રમોમાં લગભગ ૧૨૦૦ થી ૧૫૦૦ મુમુક્ષુઓ લાભ લેતા હતા, ઘાટકોપરની ભજનમંડળીએ પ્રસંગોચિત ભક્તિ કરાવી હતી. આ રીતે શિક્ષણશિબિર આનંદપૂર્વક પૂરો થયો હતો.

—માનદ્‌મંત્રી

શ્રી દિ. જૈન મુમુક્ષ મંડળ, મુંબઈ

નોંધ :—

## પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકાર–મહિમાના સ્મરણથી થતું આત્માર્થનું પોષણ

શાસનશિરોમણિ અધ્યાત્મયુગસ્રષ્ટા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિ હતી ત્યારે તો ધર્મપ્રભાવનાનો એક જબરજસ્ત યુગ હતો, પરંતુ આજે જ્યારે તેઓશ્રીની શીતળછાંયા આપણે ગુમાવી દીધી છે ત્યારે, તેઓશ્રીએ જે અધ્યાત્મયુગનું સર્જન કર્યું છે તેના પ્રચાર અને પ્રસાર માટે આધ્યાત્મિક શિક્ષણ શિબિર આદિ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરતી વખતે, પૂજ્ય ગુરુદેવશ્રીનો મુમુક્ષુ સમાજ ઉપર અસીમ ઉપકાર હોવાનું સ્પષ્ટપણે તરી આવે–જૈનેતર સમાજ પણ ગુરુદેવનો આ અસીમ ઉપકાર સ્પષ્ટપણે જાણી શકે તે વાતની મુખ્યતા રાખીએ છીએ તે ગુરુભક્ત સાચા અનુયાયી તરીકે એક પ્રશંસનીય કર્તવ્ય છે.

આધ્યાત્મિક શિક્ષણ શિબિર, પંચકલ્યાણક પ્રતિષ્ઠા આદિ કોઈ પણ જાહેર ધાર્મિક પ્રભાવનાના કાર્યક્રમો વખતે કાર્યકરો–સંચાલકોએ તેમજ દરેક મુમુક્ષુઓએ નીચેની વાતો ખાસ લક્ષમાં લેવી જોઈએ.

૧. પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં જે રીતે પ્રવચન–ચર્ચા માટે મંચ અને તેના ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીની સુશોભિત પાટ રાખવામાં આવતી જેથી હજારો મુમુક્ષુઓ સહેલાઈથી પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન કરી શકતા. તે રીતે કોઈ પણ વક્તાના પ્રવચન વખતે ઊંચો મંચ, તેના ઉપર સુશોભિત પાટ અને પાટ ઉપર પૂજ્ય ગુરુદેવનોએક ભવ્ય વિશાળ

ફોટો બિરાજમાન કરીને બાજુમાં અનુકૂળ જગ્યાએ વક્તાની બેઠક ગોઠવવી જોઈએ. તેના બદલે જો આપણે ઘરેથી લાવીને પૂજ્ય ગુરુદેવશ્રીનો નાનો ફોટો મંચ પર મૂકી દઈએ તો આપણે ગુરુદેવના ઉપકાર-મહિમાની ગૌણતા કરી ગણાય.

૨. શિક્ષણ-શિબિર આદિ પ્રભાવનાના કાર્યક્રમો વખતે તેના ઉદ્‌ઘાટન વખતે સૌ પ્રથમ તો પૂજ્ય ગુરુદેવશ્રીના મહાન ઉપકારનું, તેઓશ્રીના મહિમાનું વિશેષરૂપ સ્મરણ કરાવીને તેમજ તેઓશ્રીની દિવ્યવાણી-ટેપ પ્રવચન વડે શિબિર આદિની શુભ શરૂઆત થવી જોઈએ.

૩. શિક્ષણ શિબિરમાં ઘણા નવા નવા મુમુક્ષુઓ આવતા હોવાથી તેમ જ મોટા શહેરોમાં નવા નવા જૈનતર ભાઈ-બહેનો પણ આવતા હોવાથી વીડીયો-ટેપ પ્રવચન [સગવતા હોય તો], ટેપ-રેકોર્ડિંગ પ્રવચન (કેમકે સ્વાનુભૂતિના રણકારવાળા પ્રવચનથી મુમુક્ષુઓમાં ઘણો જ ઉત્સાહ જાગે છે), પૂજ્ય ગુરુદેવશ્રીની યાત્રા, પંચકલ્યાણક વગેરેની ફિલ્મો આદિ પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રધાનતાવાળા વિવિધ કાર્યક્રમો રોજ એક વખત તો રાખવા જ જોઈએ. જેથી ઉપસ્થિતિ મુમુક્ષુસમજને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપકાર-મહિમા નજરે તરવરે અને તેના વડે આત્માર્થનું પોષણ સાધે તથા નવા આવનારાઓ ગુરુદેવશ્રીનો મહિમા સમજી શકે.

૪. આવા ધાર્મિક કાર્યક્રમો માટેની આમંત્રણ પત્રિકાઓમાં પણ પૂજ્ય ગુરુદેવશ્રીની ગુણગાથાનું વિશેષરૂપે આલેખન થવું જોઈએ.

૫. ઇત્યાદિ પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રધાનતાને અનુરૂપ જે કાંઈ કરવું ઘટે તે જરૂર કરવું જોઈએ જેથી જૈન-જૈનેતર સમાજમાં આપણી **ગુરુભક્તિ ગૌરવરૂપ લેખાય** અને આ બધા પ્રભાવના સમાચારો વાંચીને સૌને પોતાને ત્યાં આવા કાર્યક્રમો યોજવાની પ્રેરણા મળે.

૬. ઉપરોક્ત કોઈ બાબત જો કોઈ સંચાલકો-આયોજકો-કાર્યકર્તાઓ દ્વારા કામના બોજાવશ ખ્યાલ બહાર રહી જવા પામે તો તે કાર્યક્રમોમાં ઉપસ્થિત વક્તાઓએ કાર્યકર્તાઓનું આગ્રહપૂર્વક ઉપરોક્ત બાબતો માટે ધ્યાન દોરવું જોઈએ.

૭. જેમની સ્વાનુભૂતિની અંતરંગ વિશેષ દશાનો પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પણ ખૂબ ખૂબ મહિમા કરતા એ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી પણ પ્રસંગોપાત દર્શનાભિલાષીની વિનતીથી માંગલિક આશીર્વચન ફરમાવે છે ત્યારે તેમાં તેઓશ્રી પણ વારંવાર પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકાર-મહિમાને યાદ કરે છે. ત્યારે આપણે તો હજુ સ્વાનુભૂતિના તરસ્યા છીએ, આપણને જે કાંઈ આવડે છે-શીખ્યા છીએ-ધારણામાં આવ્યું છે એ બધું તો પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના મહાન ઉપકારથી જ છે માટે પ્રવચન-ચર્ચા વખતે તેમ જ

[ અનુસંધાન પાનું....૨૫ ]

## વૈરાગ્ય સમાચારઃ—

* તલોદ સ્ટેશન નિવાસી શ્રીમતિ કાંતાબેન ચંદુલાલ શાહ (ફતેહપુરવાળા નાના બાબુભાઈના બેન) ઉ. વ. ૩૮ તા. ૨૨–૨–૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને છ ઇંચ હૃદય પહોળું થઈ જવાથી અસહ્ય વેદના હોવા છતાં દરરોજ અઢાર કલાક સમયસાર, યોગસાર, છઢાળા ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનની ટેપ સાંભળતા હતા અને જ્ઞાયકની ધૂનપૂર્વક દેહ છોડયો હતો.

* મોમ્બાસા નિવાસી શ્રી કરમશીભાઈ જેસા શાહ ઉ. વ. ૬૭ તા. ૨૩–૩–૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. નાઈરોબી શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉત્સાહથી ઈન્દ્ર થવાનો લાભ લીધો હતો અને દોઢેક માસ પહેલા પ્રશમમૂર્તિ પૂજ્ય બેનશ્રીના દર્શન કરવા આવેલા હતા.

* વાંકાનેર નિવાસી શ્રી શિવકુંવરબેન મોહનલાલ ગાંધી (ઉ. વ. ૭૬) તા. ૩૦–૪–૮૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ગઢડાનિવાસી શ્રી હિંમતલાલ મગનલાલ (સાંકળીબેન ગઢડાવાળાના પુત્ર) [ઉ. વ. ૫૧] તા. ૨૬–૪–૮૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગર નિવાસી [હાલ સોનગઢ] શ્રી લલિતાબેન જીવણલાલ ભાવસાર [ઉ. વ. ૭૧] તા. ૭–૫–૮૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* દહેગામનિવાસી [હાલ સોનગઢ] શાંતાબેન જીવણલાલ શાહ [ઉ. વ. ૬૨] તા. ૧૦–૫–૮૨ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીનું તથા પૂજ્ય બેનશ્રીનું સ્મરણ કરતાં કરતાં તેમજ પુસ્તક વાંચતા વાંચતા હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.


—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો, પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અપાર ભક્તિભાવ હતો. સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

---

### ગ્રાહકોનું કર્તવ્યઃ—

ગુજરાતી આત્મધર્મના લવાજમનું વર્ષ આ અંકે પૂરું થઈ રહ્યું છે. સર્વે ગ્રાહકોને વિનંતી છે કે જુલાઈ ૧૯૮૨ થી જૂન ૧૯૮૩ સુધીના એક વર્ષનું લવાજમ રૂપિયા નવ તુરત સંસ્થા ઉપર મોકલી આપીને વ્યવસ્થામાં સહાયરૂપ બને. લવાજમ મોડું મોકલવાથી વ્યવસ્થા-ખર્ચ પણ વધે છે અને આગળના અંક સ્ટોકમાં ન હોય તો તે-તે માસના અંક પણ આપને મળી શકશે નહિ. માટે આ અંક મળતાં તુરત જ લવાજમ મોકલી આપશો.

મનીઓર્ડર માટેઃ—શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)–૩૬૪૨૫૦



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

૧ જિનેશ્વર દેવ! મને સમાધિ આપો, બોધિ આપો ઇત્યાદિ વચન સત્ય નથી અને અસત્ય પણ નથી, કારણ આ વચન ભક્ત-લોક ભક્તિથી જિનેશ્વર પ્રતિ બોલે છે તેથી આ ભક્તિ-વચન છે. જિનેશ્વરદેવે પોતાના રાગદ્વેષનો નાશ કર્યો છે. તેઓ ભક્તોને સમાધિ અને બોધિ આપતા નથી. જો તેઓ ભક્તોને સમાધિ અને બોધિ આદિ આપવા લાગે તો તેઓ રાગી ઠરે છે. માટે જિનેશ્વરદેવ અમને સમાધિ આદિ આપો એમ કહેવું તે ભક્તિ-વચન જાણવું.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર-ષટ્ આવશ્યક અધિકાર ગાથા ૮૦)

૨ હે ભગવાન! આપનો આ મહિમા છે કે આપે વસ્તુને એકાંતે વાચ્યરૂપ કે અવાચ્યરૂપ ન કહેતાં બન્ને ધર્મરૂપ કહેલ છે. એ બન્ને ધર્મોમાંથી જો હું માત્ર એક ધર્મનું જ કથન કરું તો મારી જીભના સો કટકા થઈ જાવ.

[આચાર્યદેવે અનેકાંત ઉપર અહીં ખૂબ વજન આપેલ છે. તે મુમુક્ષુ જીવે ઊંડાણથી ખાસ વિચારવા જેવું છે. આચાર્યદેવ પોતે એકાંતીક પ્રતિપાદનથી કેટલા ભયભીત છે. તો મુમુક્ષુ જીવે એકાંતીક પ્રતિપાદનથી કેટલું સાવધાન રહેવું જોઈએ તે અંતરથી આત્માર્થી થઈને વિચારવા જેવું છે.]

(શ્રી અમૃતચંદ્ર આચાર્ય, લઘુતત્ત્વ સ્ફોટ. સ્તુતિ-૧૫ શ્લોક ૯)

૩ ત્રણલોકમાં એવું કોઈ પણ સુખ નથી કે જે સમ્યગ્દર્શનરૂપી ધનના પ્રભાવથી જીવને પ્રાપ્ત ન હો. તેથી જે જીવ સુખી થવા ઇચ્છે છે તેણે તે સમ્યગ્દર્શન અવશ્ય પ્રાપ્ત કરવું જોઈએ.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિત રત્ન સંદોહ શ્લોક ૧૭૨)

૪ જો કોઈ જીવ અર્ધ નિમિષ એટલે આંખના ટમકાર માત્ર પણ પરમાત્મતત્ત્વમાં અનુરાગ કરે તો જેમ અગ્નિની કણી લાકડાના મોટા ગંજને બાળી નાખે તેમ તે જીવ સમસ્ત પાપોને બાળી નાખે છે.

(શ્રી યોગીન્દુ દેવ, પરમાત્મ-પ્રકાશ અધિકાર-૧ ગાથા ૧૧૫)

# પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-રેકોર્ડ થયેલાં ગુજરાતી-હિન્દી પ્રવચનોની વિગત

| શાસ્ત્ર | કુલ પ્રવચનો | નોંધ |
|---|---|---|
| શ્રી સમયસાર | ૩૩૨૨ | ૧૯ મી વખતના ૫૨૯ પ્રવચનો |
| ,, પ્રવચનસાર | ૯૭૩ | છેલ્લી વખતના ૨૦૫ પ્રવચનો |
| ,, નિયમસાર | ૧૪૩૦ | (અમુક અધિકાર ઉપરના) ૧૩૧ પ્રવચનો |
| શ્રી પંચાસ્તિકાય | ૧૦૫ | છેલ્લી વખતના ૬૦ પ્રવચનો |
| ,, અષ્ટપાહુડ | ૪૦૨ | છેલ્લી વખતના ૨૦૬ પ્રવચનો |
| ,, બહેનશ્રીનાં વચનામૃતો | ૨૩૧ | સળંગ ૧૮૧ પ્રવચનો |
| ,, સમયસાર કળશટીકા | ૧૦૫૫ | છેલ્લી વખતના ૨૫૯ પ્રવચનો |
| ,, પરમાત્મ પ્રકાશ | ૩૮૧ | છેલ્લી વખતના ૨૪૫ પ્રવચનો |
| ,, સમયસાર નાટક | ૨૦૦ | ૧૯૭૧ માં પ્રવચનો થયા |
| ,, છ-ઢાળા | ૫૦ | ૧૯૬૬ માં પ્રવચનો થયા |
| ,, ઇષ્ટોપદેશ | ૫૬ | ૧૯૬૬ માં પ્રવચનો થયા |
| ,, યોગસાર | ૪૫ | ૧૯૬૬ માં પ્રવચનો થયા |
| ,, પુરુષાર્થસિદ્ધિ ઉપાય | ૮૯ | ૧૯૬૭ માં પ્રવચનો થયા |
| ,, સમાધિતંત્ર | ૧૧૫ | ૧૯૭૫ માં પ્રવચનો થયા |
| | કુલ ૮૪૫૪ | પ્રવચનો |

સંપાદક : નાગરદાસ બી. મોદી

તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર

પ્રત : ૩૦૦૦

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364250

મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ.

[ વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ ]